આગાઝસે અખિર તક કુર્આં હૈ નઅતે મુસ્તફા
મહબૂબ કે બયાન કા કૈસા અનોખા ઢંગ હૈ
–'નઝમી' મારહરવી

# મુહમ્મદુર્રસૂલુલ્લાહ કુર્આનમાં

صَلَّى اللهُ تَعَالىٰ عَلَيْكَ وَسَلَّمَ


લેખક
રઈસુલ ક઼લમ હઝરત અલ્લામા અર્શદુલ
ક઼ાદરી–જમશેદપુરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ

અનુવાદક
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)



પ્રકાશક
**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**
GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૪૭ | આવૃત્તિ–૨ | પ્રત : ૪૦૦૦ |
| ૧૦–સફરુલ મુઝફ્ફર | હિ.સ. ૧૪૨૮ | ફેબ્રુ. ૨૦૦૭ |

ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




## બઝ્મે આખિર કા ઉજાલા !

અઝ : તાજુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અખ્તર રઝા
અઝહરી مدظلہ العالی (બરેલી શરીફ)

મુસ્તફાએ ઝાતે યક્તા આપ હૈં
યકને જિસ કો યક બનાયા આપ હૈં

આપ જૈસા કોઈ હો સક્તા નહીં
અપની હર ખૂબીમેં તન્હા આપ હૈં

આબો ગીલમેં નૂર કી પહલી કિરન
જાને આદમ જાને હવ્વા આપ હૈં

હુસ્ને અવ્વલ કી નમૂદે અવ્વલી
બઝ્મે આખિર કા ઉજાલા આપ હૈં

આપ કી ખાતિર બનાએ દો જહાં
અપની ખાતિર જો બનાયા આપ હૈં

આપ કી તલ્અત કો દેખા જાન દી
કબ્રમેં પહોંચા તો દેખા આપ હૈં

આપ કી તલ્અત ખુદા કા આઈના
જિસ્મેં ચમકે હક઼્ક઼ કા જલ્વા આપ હૈં

આપસે ખૂદ આપ કા સાઈલ હૂં મૈં
જાને જાં મેરી તમન્ના આપ હૈં

બર દરત આમદ ગદા બહરે સલામ
હો ભલા 'અખ્તર' કા દાતા આપ હૈં

نَحْمَدُهٗ وَنُصَلِّیْ وَنُسَلِّمُ عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ

# પ્રારંભિક બે બોલ....

અઝ : મૌલાના મુહમ્મદ મુબારક હુસૈન મછાસરવી
*(મુદર્રિસ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

ઝબાન તથા કલમની સૌથી મહાન નેકબખ્તી એ જ છે કે એ આક઼ાએ કાઈનાત ﷺની પ્રશંસા તથા સીરતે નબી ﷺના એલાન તથા ઈઝહારનો ઝરીયો ઠરે અને વરસો વરસની ઝમઝમાંખ્વાની તથા હજારો પૃષ્ઠોના લેખન તથા કિતાબત પછી પણ વિજદાન તથા ઝમીર એ લાચારી તથા આજીજીનો સ્વીકાર કરે કે :– **મા હમ્ ચુનાં દર અવ્વલ વસ્ફે તૂ માન્દા**

**ભાવાર્થ** : અમે એવી જ રીતે હજી એક ખૂબીની પ્રશંસામાં પડેલા છીએ જે હજી પૂર્ણ થઈ નથી.

કોની મજાલ છે કે જે ખુલાસાએ કાઈનાત, ફખ્રે મૌજૂદાત ﷺની મદહ સરાઈ (પ્રશંસા) તથા સીરત લેખનનો હક્ક઼ અદા કરી શકે. એ ગલત દાવો ન કોઈ જીભથી બહાર પડયો અને ન કોઈ કલમે તેને પૃષ્ઠોના સીના પર ઉતાર્યો. એના અનુસંધાનમાં મહાન મહાન ઉસ્તાદુશ્શોઅરા તથા હસ્સાને ઝમાનાએ એવું કહીને ક઼લમને રોકી દીધી કે :–

**લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા**
**ખ઼ાલિક઼ કા બંદા ખ઼લ્ક઼ કા આક઼ા કહૂં તુઝે**





બલ્કે સચ્ચાઈ એ છે કે જેણે પણ બારગાહે કુદ્સમાં પોતાના ખયાલો તથા જઝબાતને ક઼લમની જીભ આપી તો તેનો હેતુ એનાથી નેકબખ્તી પામવા સિવાય અન્ય કાંઈ પણ ન હતો.

અહ્લે મહબ્બતે આક઼ાએ કાઈનાતની બારગાહમાં અક઼ીદત તથા મહોબ્બતનો હદિયો (તોહફો) પેશ કરવા માટે ઘણા બધા અંદાજો અપનાવ્યા છે, કોઈએ મિદહત તથા નઅતનાં મોતીઓ લૂટાવ્યાં, કોઈકે કસીદાના ગુલદસ્તા પેશ કર્યા, કોઈ તારીફ તથા તૌસીફ (પ્રશંસા)નાં ફૂલો નિછાવર કરતો ગયો, કોઈ દુરૂદો સલામની વર્ષા વરસાવતો રહ્યો. નઅત તથા ષનાના હજારો અંદાજ અને દરેક તરીકા પર લાખો જીભો, કરોડો ક઼લમ એ અવસાફે જમીલા (ખૂબસૂરત ગુણો, ખૂબીઓ)ને બયાન કરવામાં વક઼્ફ રહી પણ :–

**દફ્તર તમામ ગશ્ત વ બપાયાં રસીદ ઉમ્ર**
**મા હમ ચુનાં દર અવ્વલ વસ્ફે તૂ માન્દા**

હક઼ીક઼તમાં સરકારે કાઈનાત ﷺની ઝાતે ગિરામી અને હયાતે તયબહ કુર્આને પાકની અમલી તફસીર અને ખૈરુલ ક઼લામ કલામુલ્લાહની તે તસ્વીર છે જેને ખાલિક઼ે કાઈનાતે પોતાના મહબૂબના રૂપમાં ખેંચી છે.

આક઼ા ﷺની મિદહત (પ્રશંસા) રૂહાની જિંદગીની જાન છે, એ ઈમાન અફરોઝ આયતોને જ્યારે કોઈ આશિકે રસૂલ ﷺની જીભ વર્ણન કરે છે તો તેની અસર દિલ તથા જિગરના ઊંડાણોમાં ઉતરી જાય છે અને ઈમાની કિરણો વડે ઝગમગી ઉઠે છે. **"મુહમ્મદુર્રસૂલુલ્લાહ કુર્આનમાં"** કિતાબ એવી જ આયતોનો ખૂબસૂરત હાર છે જેમાં એક આશિકે ઝારે ખૈરુલ્ ક઼લામ કલામુલ્લાહની અમુક આયતો થકી મક઼ામે મુહમ્મદી જે

આપણા ખયાલ તથા કલ્પનાથી એકદમ ઉચ્ચ છે તેને ઓળખાવવાની ભરપુર કોશિશ કરી છે.  આમ તો આખુ કુર્આન આક઼ા ﷺની નઅતનો ગુલદસ્તો છે. મિદહતે રસૂલ તથા હયાતે તયબાહ પર તમે અસંખ્ય કિતાબોનો અભ્યાસ કર્યો હશે પણ પ્રસ્તૂત કિતાબને જે વિશિષ્ટતા પ્રાપ્ય છે એનો અંદાજો તો એનો અભ્યાસ કર્યા બાદ જ લાગી શક્શે.

ઈસ્લામી જગતની વિખ્યાત હસ્તી, ભાષા તેમજ સાહિત્યના મશ્હૂર ક઼લમકાર, રઈસુત્તહરીર **હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ પણ રસૂલની તારીફના વિષય પર ક઼લમ ઉઠાવ્યો છે અને બારગાહે રિસાલતમાં પોતાની વિસાતના પ્રમાણે નઝરાનાએ અક઼ીદત પેશ કરીને દીન તથા દુનિયાની સઆદત (નેકબખ્તી) હાંસલ કરી છે. આ ઘણી જ મહાન બુઝુર્ગી (શરફ) છે જેની તૌફીક઼ અલ્લાહ તઆલાના ફઝ્લથી એમને નસીબ થઈ છે. આ એક એવો શરફ છે જેના પર રશ્ક કરી શકાય છે. આ શરફમાં બાવડાના જોર કરતાં અધિક અલ્લાહ તઆલાની રહમત તથા અતાને દખલ છે.

આ દુનિયામાં સાહિત્યકારો તથા શાયરોની કમી નથી પણ એમાં ઘણા એવા નીકળશે જેમની જીભો તથા ક઼લમ ઈસ્લામની તર્જુમાની માટે વક઼ફ થઈને રહી ગયાં છે. અલ્લામા અર્શદુલ ક઼ાદરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ચાહત તો પોતાના ક઼લમથી ફિલ્મી કહાનીઓ અને રોમેન્ટિક વાર્તાઓ લખીને ઘણી જ ખ્યાતિ મેળવી શક્તા પણ તેમની ક઼લમને લેખનપ્રવૃત્તિના પ્રારંભથી જ પવિત્રતા મયસ્સર થઈ છે, અને તેઓ એ ગંદકીઓથી દૂર રહ્યા છે જેના પર મોટા મોટા સાહિત્યકારો તથા શાયરોની ખ્યાતિના શહેરો સ્થાપિત છે.





**"મુહમ્મદુર્રસૂલુલ્લાહ કુર્આનમાં"** કિતાબ **અલ્લામા અર્શદુલ ક઼ાદરી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની ક઼લમની તહારત (પવિત્રતા), ચિંતનની પાકીઝગી તથા દિલનું દર્દ છે જેની એક એક લીટી રસૂલે પાક ﷺની પ્રશંસાની ખુશ્બૂમાં વણાયેલી છે અને એક એક વરક પર અકીદતના હીરા મોતી ઝગમગાટ કરતાં પ્રદર્શિત થાય છે જેની તર્જુમાની ગુજરાતી ભાષામાં અલ્હાજ જનાબ શબ્બીર પટેલ રઝવી સાહબે કરીને એક અનુકરણીય પગલુ ભર્યું છે.

પ્રસ્તૂત કિતાબ લાલાઓ ગુલની જેમ, રંગીન ઝરણાંઓની જેમ તરન્નુમ વેરતી અને આકાશગંગાની જેમ રોશન તથા પ્રકાશિત છે, તેની ભાષામાં ઘણી જ સરળતા તથા વહેણ જોવા મળે છે, અમુક સ્થાનોએ વજ્દ આફ્રીનીનો મજેદાર એહસાસ અનુભવાય છે.

પ્રસ્તૂત કિતાબની પ્રથમ આવૃત્તિ દા.ઉ. નૂરે મુહમ્મદી (દયાદરા) થકી પ્રસિદ્ધ થઈ હતી હવે બહોળા ફેલાવા માટે ફરી અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા  થકી પ્રકાશિત થઈ રહી છે એ ખૂબ જ ખુશીની વાત છે. મારું વિજદાન (દિલ) આગાહી કરી રહ્યું છે કે આ કિતાબને ઈન્શાઅલ્લાહ આમ મક઼બૂલિયત મયસ્સર થશે. જનાબ અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબે જે કાગળ પર ક઼લમ ચલાવી લખ્યું છે તે ઈન્શાઅલ્લાહ ! દિલોના પૃષ્ઠો પર અંકિત થતું રહેશે અને તેમના કારનામાંઓની ઉજ્જવળતા લાંબા ગાળા સુધી કાયમ રહેશે.

**–(મૌલાના) મુહમ્મદ મુબારક હુસૈન મછાસરવી**

*(મુદર્રિસ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા, તા. ૮/૨/૨૦૦૭)*

بسم الله الرحمن الرحيم

الصلوٰة والسلام عليك يارسول الله ﷺ

وعلىٰ آلك واصحابك يا نور الله ﷺ

# ★ મુહ઼મ્મદુર્રસૂલુલ્લાહ કુર્આનમાં ★

(صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ)

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ

وَعَلٰى آلِهٖ وَاَصْحَابِهٖ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ اما بعد !

કોઈ ખુલ્લો કાફિર જો રસૂલે અરબી ﷺની અઝમત તથા શાનનો મુન્કિર હોય તો એ ખાસ આશ્ચર્ય પામવાની વાત નથી, કેમ કે તે સદંતર બહારનો માણસ છે. કલ્મએ ઈસ્લામની સાથે તેનો સંબંધ જ શું છે કે તે પયગમ્બરે ઈસ્લામનો એહતેરામ કરી બતાવે.

પરંતુ સમયની સૌથી મોટી ગમનાક વાત તો એ છે કે એક ગિરોહ જે પોતે પોતાને મુસલમાન પણ કહે છે, મુસ્લિમ સમાજની સાથે મઝહબી હિસ્સાદારીનો પણ દાવેદાર છે પણ તેઓના દિલનો અંધકાર અને ઝબાનનું પરાક્રમ એ છે કે તેમનો અકીદો છે કે મુહમ્મદે અરબી ﷺ કેવળ કાસિદ (એલચી) છે, ખુદાની બારગાહમાં તેમની હૈસિયત એક પૈગામ પહોંચાડનારથી વધુ નથી, તે આપણી જેમ બિલકુલ એક મામૂલી બશર (માણસ) છે !





શક્ય છે કે કેટલાક લોકોની દષ્ટિએ આ વિચારધારા વધુ ખરાબીવાળી ન હોય, પરંતુ હક઼ીક઼તને દષ્ટિ સમક્ષ રાખીને વિચારીએ તો ઈન્સાની ખયાલની આ તે જ મનહૂસ સરઝમીન છે જ્યાંથી અમલી અને એ'તેકાદી ખરાબીઓના અગણિત કાંટાઓએ જન્મ લીધો છે.

જો કે અત્યારે મારી ચર્ચાનો વિષય એ નથી, નહીં તો વિસ્તારપૂર્વક એ વિષય પર પ્રકાશ નાખત કે આ રીતની સમજશક્તિથી ઈસ્લામી રૂહની મજબૂતીને કેટલું ભારે નુકસાન પહોંચ્યું છે. મારે તો આજે કેવળ એ મસ્અલો સ્પષ્ટ કરવો છે કે રબ્બુલ ઈઝ્ઝતની જનાબમાં ખુદાના રસૂલની ખૂબી ભરી હૈસિયત શું છે ?

એને જાણવું બંદાના ઈખ્તિયારની હદોની બહારની વાત છે એ તો કેવળ રબ્બુલ ઈઝ્ઝત જ જાણે છે અને તે જ બતાવી શકે છે કે તેના દરબારમાં તેના રસૂલ ﷺની શું શાન છે ?

ખુદાનો શુક્ર છે કે તેની ઝિંદા તથા રોશન કિતાબ કુર્આન મજીદ બિલકુલ અસલ હાલતમાં આજે પણ આપણી દરમ્યાન મૌજૂદ છે. તે આયનામાં આ હક઼ીક઼તની ભાળ મેળવી શકાય છે કે ખુદાની નજીક તેના રસૂલની શું શાન છે.

જે લોકો પોતાના દિમાગની કાલ્પનિક બુનિયાદો પર મન્સબે રિસાલત (રિસાલતના સ્થાન)ની મર્યાદાઓ તૈયાર કરે છે તેઓ જરા ઈન્સાફની નજરે નીચેની આયતોમાં કુર્આનની રજૂઆતની ઢબ જુએ અને તેના નુઝૂલના પ્રસંગોને દષ્ટિ સમક્ષ રાખીને ફૈસલો કરે કે વાત વાતમાં જેની શાનની મહાનતા (અઝમત)ની આટલા પ્રમાણમાં વ્યવસ્થા કરવામાં આવી છે, તો શું મહબૂબના

સિવાય પણ આ બુઝુર્ગી કોઈ "એલચી"ને આજ સુધી મળી શકી છે ?

મેં નીચેના લખાણને એ રીતે ગોઠવ્યું છે કે પહેલાં શાને નુઝૂલ, ત્યાર બાદ આયત અને પછી જરૂરત પ્રમાણે તેનો ટૂંકાણમાં ખુલાસો અને પરિણામ કાઢવાની સંપૂર્ણ જવાબદારી આપના દિલને સોંપી દીધી છે, કેમ કે સારું દિલ બદ્દિયાનતી નથી કરતું. (અપ્રમાણિક્તા નથી દાખવતું).

## ★ પહેલી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : તફસીરની કિતાબોમાં નકલ થયેલ છે કે રિસાલતના જમાનાની શરૂઆતમાં અલ્લાહની મસ્લેહતથી એવો પ્રસંગ ઉપસ્થિત થયો કે કેટલાક દિવસો સુધી નુઝૂલે વહીનો ક્રમ રોકાઈ ગયો. મક્કાના કાફિરોને જ્યારે તેની ખબર પડી તો તેઓએ મહેણાના રૂપે એવું કહેવાનું શરૂ કરી દીધું :–

**"વદ્દઅ રબ્બુ મુહમ્મદિન મુહમ્મદા"** "મુહમ્મદના રબે મુહમ્મદને છોડી દીધા અને તેમની તરફથી નજર ફેરવી લીધી." કાફિરોની આ બદગોઈથી સરકારના દિલને ઠેસ પહોંચી અને હુઝૂર (ﷺ) ઉદાસ રહેવા લાગ્યા.

રહમતે ખુદાવંદીને પોતાના મહબૂબની આ ઉદાસી પસંદ ન પડી. હુઝૂરે અકદસ ﷺની તસલ્લીના માટે તરત જ આ આયતો નાઝિલ થઈ. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, ખાઝિન ઈબ્ને જરીર)*

وَالضُّحٰى ۝۱ وَالَّيْلِ اِذَا سَجٰى ۝۲ مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلٰى ۝۳ وَ لَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ۝۴ وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ۝۵





"કસમ છે તે ચઢતા દિવસની ! કસમ છે રાતની જ્યારે કે સંપૂર્ણપણે છવાઈ જાય ! કે આપના રબે ન આપને છોડયા ન આપને મકરૂહ જાણ્યા. યકીનન ! આપની (દરેક) આવનારી ક્ષણ આપના માટે પહેલી ક્ષણથી બેહતર છે અને નિઃશક ! આપનો રબ આપને નજીકના જ સમયમાં એટલું આપશે કે આપ રાજી થઈ જશો." *(પારા–૩૦, સૂ. વદ્દુહા, આ. ૧ થી ૫)*

**ખુલાસો** : આ આયતોમાં ખાસ કરીને જે ચીજ વિચારવાને પાત્ર છે કે મહબૂબ ખામોશ છે અને દુશ્મનના મહેણાનો જવાબ રબ્બે ઝુલ જલાલ આપી રહ્યો છે. નિકટતા અને તરફદારીનો આ હકીકત અફરોઝ સંબંધ શું કોઈ એલચીની સાથે પણ જોવામાં આવ્યો છે ?

કેટલાક તફસીરવેત્તાઓ ફર્માવે છે કે આ સૂરતે પાકમાં ચઢતા દિવસથી મુરાદ મહબૂબનો રોશન ચહેરો છે અને અંધારી રાતથી મહબૂબના ગૈસૂએ અંબરની તરફ નિર્દેશ છે. મતલબ કે કલામનો આશય એ છે કે મહબૂબ ! જરા આપના રૂખે રોશન પર ઝુલ્ફો વિખેરીને જોઈ લો કે શું આવો સૌંદર્ય ધરાવનાર (પયકરે જમીલ) પણ કરાહત (બેઝારી) તથા જુદાઈને લાયક હોઈ શકે છે ?

**કૌન કેહતા હય કે હમ તુમમેં જુદાઈ હોગી,**
**યે હવાઈ કિસી દુશ્મનને ઉડાઈ હોગી**

## ★ બીજી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : કહે છે કે કુફ્રની દુનિયાના મશ્હૂર ગુસ્તાખ વલીદ ઈબ્ને મુગીરહ્એ એક દિવસ હુઝૂરે અન્વર ﷺને સંબોધીને કહ્યું :–

يٰۤاَيُّهَا الَّذِىۡ نُزِّلَ عَلَيۡهِ الذِّكۡرُ اِنَّكَ لَمَجۡنُوۡنٌ ؕ

"હે તે શખ્સ કે જેના પર કુર્આન ઉતારવામાં આવ્યું છે ! તું મજનૂ તથા દીવાનો છે." *(પારા-૧૪, સૂ. હિઝ્ર, આ. ૬)*

બસ આટલુ કહેતાં જ કહરે ઈલાહીનું વાદળ ગરજી ઉઠયું, વિજળી ચમકી અને ગઝબ તથા જલાલમાં ડૂબેલી આ આયતે વલીદ ઈબ્ને મુગીરહ્‌ની બુરાઈના બયાનમાં નાઝિલ થઈ." *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, ઈબ્ને જરીર)*

نٓ وَالۡقَلَمِ وَمَا يَسۡطُرُوۡنَ ۙ مَاۤ اَنۡتَ بِنِعۡمَةِ رَبِّكَ
بِمَجۡنُوۡنٍ ۚ وَاِنَّ لَكَ لَاَجۡرًا غَيۡرَ مَمۡنُوۡنٍ ۚ وَ
اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيۡمٍ ۞ فَسَتُبۡصِرُ وَيُبۡصِرُوۡنَ ۙ
بِاَىيِّكُمُ الۡمَفۡتُوۡنُ ۞

"કસમ છે કલમની અને તેના લખનારાઓની કે આપ પોતાના રબના ફઝ્‌લથી મજનૂ નથી અને યકીનન ! આપના માટે અનહદ અજરો સવાબ છે, અને નિઃશંક ! આપની વર્તણૂંક ખૂબ જ શાનવાળી છે, વળી નજીકમાં જ આપ પણ જોશો અને તે પણ જોઈ લેશે કે દીવાનો કોણ છે." *(પારા-૨૯, સૂ. કલમ, આ. ૧ થી ૬)*

હવે ગુસ્તાખની બુરાઈમાં જરા કુર્આનના આ શબ્દો ગણો અને અંદાઝ લગાડો કે મહબૂબના દુશ્મનની સાથે કુર્આનની વાણીનો ભાવ કેવો ગઝબનાક થઈ ગયો છે ? તે આયતો આ છે :-

وَلَا تُطِعۡ كُلَّ حَلَّافٍ مَّهِيۡنٍ ۙ هَمَّازٍ مَّشَّآءٍۢ بِنَمِيۡمٍ ۙ
مَّنَّاعٍ لِّلۡخَيۡرِ مُعۡتَدٍ اَثِيۡمٍ ۙ عُتُلٍّۢ بَعۡدَ ذٰلِكَ





زَنِيۡمٍ ۙ اَنۡ كَانَ ذَا مَالٍ وَّبَنِيۡنَ ؕ اِذَا تُتۡلٰى عَلَيۡهِ
اٰيٰتُنَا قَالَ اَسَاطِيۡرُ الۡاَوَّلِيۡنَ ۞ سَنَسِمُهٗ عَلَى
الۡخُرۡطُوۡمِ ۞

"(હે મહબૂબ !) આપ કોઈ પણ એવા શખ્સની વાત ન સાંભળો જે મોટો કસમો ખાનાર, ઝલીલ, ખૂબ જ મોટો મહેણા મારનારો, ખૂબ જ મોટો ફિત્નાબાઝ, ભલાઈથી એકદમ રોકવાવાળો, બેલગામ, ગુનાહગાર, ઉધ્ધત અને સૌમાં વિશેષ એ કે **હરામની ઔલાદ** છે. અને વધુમાં એ કે માલ તથા ઔલાદવાળો છે. જ્યારે અમારી આયતો તેની સમક્ષ પઢવામાં આવે છે તો કહે છે કે આ આગલાઓના કિસ્સા છે. નજીકમાં જ અમે તેની સુવ્વર જેવી થૂથની (મોઢાની ટોચ) પર દાગ દઈશું." *(પારા-૨૯, સૂ. કલમ, આ. ૧૦ થી ૧૬)*

## એક અત્યંત ઈબ્રતનાક પ્રસંગ

નકલ થયેલ છે કે વલીદ ઈબ્ને મુગીરહ્‌ના હક્કમાં જ્યારે આ આયતો નાઝિલ થઈ તો ગુસ્સાની હાલતમાં તે ઉકળી ઉઠયો અને પોતાની મા પાસે જઈને પૂછયું, હમણાં હમણાં મુહમ્મદ (ﷺ)એ મારા વિશે દસ વાતો બયાન ફર્માવી છે. મારી નવ બુરાઈઓ વિશે તો હું સારી રીતે જાણું છું કે તે મારી અંદર મૌજૂદ છે પરંતુ દસમી વાત કે મારી અસલિયતમાં પણ ફર્ક છે એના વિશે હું કાંઈ નથી જાણતો. ભલે હજાર દુશ્મની હોવા છતાં મને એ વાતનું યકીન અને સ્વીકાર છે કે મુહમ્મદ (ﷺ)ની વાત ગલત નથી હોઈ શકતી. એટલા માટે હવે સાચે સાચુ બતાવી દે કે અસલ હકીકત શું છે, નહીં તો હું તારું માથુ ઉડાવી દઈશ ?!

હાવભાવ જોઈને તેની માએ સાફ શબ્દોમાં બતાવી દીધું કે તારો બાપ નપુંસક હતો એટલા માટે એક ચરવાહા (ભરવાડ)ની સાથે મારો નાજાઈઝ સંબંધ થઈ ગયો અને તેના પરિણામે તારી પૈદાઈશ થઈ. (જેમ કે તફસીરે રૂહુલ બયાનમાં તફસીરે ઈમામ ઝાહેદી رحمۃ اللہ علیہના હવાલાથી નકલ કરે છે, જુઓ ભાગ–૨૯, પેજ–૧૧૨)

## ★ ત્રીજી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : બયાન કરે છે કે હુઝૂરે અનવર صلى الله عليه وسلمના મુકદસ પુત્રોમાંથી આખરી પ્યારા ફરઝંદ હઝરત કાસિમ رضی اللہ عنہનો જ્યારે વિસાલ થયો તો મક્કાના કાફિરોએ મહેણુ માર્યું કે આપ અબતર થઈ ગયા. એટલે કે હવે આપની નસલ કપાઈ ગઈ. નસબી (વંશિક) યાદગારનો સિલસિલો કપાઈ ગયો.

લખ્તે જિગરની વફાતનો સદમો જ શું ઓછો હતો એવામાં દુશ્મનોના મહેણાથી ગમની ચૌટ ઉભરાઈ આવી. નાઝુક દિલને અસામાન્ય તકલીફ પહોંચી અને આપ ઉદાસ અને ગમગીન રહેવા લાગ્યા. થોડીક ક્ષણોની બેચૈની પણ દરિયાએ રહમતના માટે માન્ય ન હતી, ખુદા તઆલાએ પોતાના મહબૂબની તસલ્લી તથા સાંત્વનના માટે તરત જ આયત નાઝિલ ફર્માવી★.

★ *એક કૌલ એ છે કે આ આયત ઉકબા બિન અબી મુઈતના બારામાં નાઝિલ થઈ. અને એક એ કે મક્કાના મુશ્રિકોએ આપસમાં હુઝૂરે અકરમ صلى الله عليه وسلمના વિશે મહેણાં તાણા કર્યાં. પણ મોટા ભાગના મુફસ્સિરો ફર્માવે છે કે આસ ઈબ્ને વાઈલે જ હુઝૂર صلى الله عليه وسلمની શાનમાં અયોગ્ય શબ્દો વાપર્યા તો તે શખ્સની બુરાઈના બયાનમાં આ સૂરત નાઝિલ થઈ. જુઓ, તફસીરે રૂહુલ મઆની, ભાગ–૩૦, પેજ–૨૪૮*





إِنَّآ أَعْطَيْنٰكَ الْكَوْثَرَ ﴿١﴾ فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ ﴿٢﴾
إِنَّ شَانِئَكَ هُوَ الْأَبْتَرُ ﴿٣﴾

"(હે મહબૂબ !) બેશક ! અમે આપને કૌષર અતા ફર્માવ્યું. પછી આપના રબ માટે નમાઝ પઢો અને કુર્બાની કરો. યકીનન ! આપનો દુશ્મન અબ્તર (વાંઝિયો) છે." *(પારા–૩૦, સૂ. કૌષર)*

**ખુલાસો** : વિચાર કરો ! દુનિયામાં કોને પોતાની ઔલાદની જુદાઈનો સદમો નથી ઉઠાવવો પડતો. દુશ્મનના મહેણાથી કોનું હૃદય ઘાયલ નથી થતું, **પરંતુ શું દુનિયામાં તેનું પણ દષ્ટાંત મૌજૂદ છે કે દુશ્મનના તાણાનો જવાબ આપવા માટે ખુદા તઆલાએ ખૂદ કોઈની વકાલત ફર્માવી હોય ?** અને ભીની પાપણોથી આંસૂં સૂકવવા માટે હઝરત રૂહુલ અમીન (જિબ્રઈલ علیہ السلام) કુર્આન લઈને ઉતર્યા હોય ?

અલ્લાહની મરજીનો આ વિશિષ્ટ અને નિરાળો અંદાઝ સ્પષ્ટ રીતે એ વાત સૂચવે છે કે જેની સાથે આ મામલો કરવામાં આવી રહ્યો છે કે તે ખૂદ પણ પોતાની શાનમાં નિરાળો અને અજોડ છે.

**એક મુદ્દો** : આ સૂરતે પાકમાં **કૌષર** શબ્દના બે અર્થો મુરાદ લેવામાં આવ્યા છે. હૌઝે કૌષર જે જન્નતમાં ઠંડી તથા મીઠી અને સફેદ તથા સુથરી નહેર છે. કહે છે કે આ નહેર જન્નતના તમામ મહેલોએથી પસાર થઈને અસીમ વિશાળતામાં ફેલાઈ જાય છે. આ તફસીરથી આયતનો લાભ એ થશે કે, હે મહબૂબ ! આપ આપના ફરઝંદની વફાત પર શા માટે ઉદાસ તથા ગમગીન છો ? અમે તો આપને તે ઘર જ અતા

ફર્માવી દીધું છે જ્યાં હવે તેમનું ઠેકાણુ છે. તે પણ આપની જ મિલ્કિયત છે. જ્યારે બંનેવ ઘરો આપનાં જ છે તો ફક્ત ઘરની અદલા બદલીમાં સદમો કેવો ? કાલ સુધી તે ઘરમાં હતા અને આજે તે ઘરમાં છે. તે આપના ઘરેથી જુદા જ ક્યાં થયા કે વિરહનો સદમો ઉઠાવો ?

**બીજા મુદ્દો** : **કૌષર**નો બીજો અર્થ છે ''ખયરે કષીર'' (અતિશય ભલાઈ) એટલે કે અમે આપને ''ખયરે કષીર'' અતા ફર્માવી.

તફસીર રૂહુલ મઆનીમાં છે :–

''ખયરે કષીર''ના વિસ્તૃત ભાવાર્થમાં કયામત સુધી પૈદા થનારી ઉમ્મતે મુહમ્મદીની તે તમામ વ્યક્તિઓ દાખલ છે જે હુઝૂરે અકરમ ﷺની લાવેલી શરીઅત પર કાર્યરત રહીને ખયર તથા ભલાઈનો ખજાનો જમા કરે છે.

આ તફસીરથી આયતનો લાભ એ છે કે દુશ્મનોના તાણાની જરા પણ આપ કોઈ અસર ન લે જ્યાં સુધી ગરદિશે લયલો નહાર (રાત દિવસનું ચક્ર)નો ક્રમ બાકી છે, પૃથ્વીનું પટ આપની ઔલાદથી હમેશાં આબાદ રહેશે. છએ દિશાઓમાં આપના જ નામનો ડંકો વાગશે, વંશિક ઔલાદ પોતાના બાપદાદાઓની પ્રશંસા કરે તો કહી શકાય કે આ લોહીની અસર છે, પરંતુ એવી કરોડો વ્યક્તિઓની પ્રશંસા જેનાથી કોઈ વંશિક સંબંધ નથી તેઓ કમાલને સ્વીકારે તો તે હકીકતના પર જ આધારિત ઠરાવવામાં આવશે. રસ્તે ચાલતો કોઈ અજનબી વિના કારણે કોઈનો કલમો નથી પઢી શક્તો જ્યાં સુધી તે હકીકી અઝમતોનો માથાની આંખો વડે નઝારો ન કરી લે. આપની શાનની મહાનતાનો પરચમ બલંદ કરવાના માટે આપની રૂહાની





ઔલાદ શું કમ હતી કે વંશિક ઔલાદના વિરહનો સદમો ઉઠાવો.

વિચાર કરો ! એક જ આયતમાં બંનેવ તરફના ગમોનો ઈલાજ કરી દીધો છે. શાનો શૌકતવાળા ફરઝંદની જુદાઈ પણ હવે જુદાઈ ન રહી અને એ સદમાનું નિવારણ પણ થઈ ગયું કે ફરઝંદની વફાત પછી પણ ચિરાગ સળગતો રહેશે અને નામને જીવંત રાખનાર પૈદા થતા રહેશે.

વિચાર કરો ! મહબૂબની તસલ્લીના માટે આટલુ ખૂબ જ પૂરતુ હતું પરંતુ મહોબ્બતનો તકાઝો એટલા પર જ પૂરો નથી થઈ જતો. હજી ગુસ્તાખને પોતાના કરતૂતની સજાએ પહોંચાડવાનો બાકી છે.

જેથી ફર્માવવામાં આવે છે કે, જે ગુસ્તાખે આપને નામ નિશાન વિનાના થઈ જવાનો તાણો માર્યો છે, સાંભળી લો કે તેનું નામ નષ્ટ થઈ જશે, તેની નસલ (વંશવેલો) કપાઈ જશે.

અહીંથી મહોબ્બતનો દસ્તૂર સમજમાં આવ્યો કે મહબૂબની શાનની અઝમતનો સ્વીકાર અને હજાર અદાઓની સાથે તેના જલ્વાઓની પ્રશંસા જેવી રીતે મહોબ્બત દર્શાવવાની એક રીત છે, તે જ પ્રમાણે દુશ્મનની ઉઘાડી બુરાઈ અને સ્પષ્ટપણે તેની બદગોઈની રદ પણ મહોબ્બતનો તકાઝો છે.

અહીં તે લોકોના દિલની ચોરી સંપૂર્ણપણે ઉઘાડી થઈ જાય છે જેઓ એક તરફ તો રસૂલની મહોબ્બતના દાવેદાર છે અને બીજી બાજુ રસૂલેપાકના ગુસ્તાખોની બુરાઈનો કોઈ સવાલ ઉપસ્થિત થાય છે તો તેમના સ્વલાભની મસ્લેહત મહોબ્બતના ફરજની રાહમાં આડે આવી જાય છે !

જો કે એ સ્વભાવિક ચીજ છે કે જ્યારે કોઈની મહોબ્બત કોઈકના દિલમાં જામી જાય છે તો મહબૂબની ખુશ્નુદીની પ્રાપ્તિ

તેની રૂહનો મિજાઝ બની જાય છે. અને મહોબ્બતનો જ તકાઝો છે કે દરેક તે ચીજથી મહોબ્બત કરવામાં આવે છે જેને મહબૂબની સાથે કાંઈક સંબંધ છે, અને દરેક તે ચીજની સાથે નફરત કરવામાં આવે છે જે મહબૂબને પસંદ ન હોય. ખુલાસો એ કે **મહબૂબના દોસ્તોથી દોસ્તી કરવામાં આવે અને મહબૂબના દુશ્મનોથી નફરત !** જો કોઈ આ પ્રમાણે નથી કરતો તો તે પોતાના મહોબ્બતના દાવામાં **જૂઠો** છે.

## ★ ચોથી આયતે કરીમહ ★

**શાને નુઝૂલ** : બયાન કરે છે કે સરકારે દો આલમ ﷺ કોઈ ગઝવહ્‌માં તશરીફ લઈ ગયા. સફર દરમ્યાન કોઈ સહાબીનું ઊંટ ગુમ થઈ ગયું. તે પોતાના અકીદા પ્રમાણે સરકાર ﷺની ખિદમતમાં હાજર થઈને ફરિયાદ કરવા લાગ્યા અને ગ઼યબની ખબર રાખવાવાળા રસૂલથી પોતાના ગુમ થયેલ ઊંટ વિશે પતો મેળવ્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તમારું ઊંટ ફલાણી વાદીમાં ફલાણી જગાએ ઉભેલું છે."

તે સહાબી વળતે પગલે સરકાર ﷺના બતાવેલા સ્થળે રવાના થઈ ગયા.

હવે આ તરફનો કિસ્સો સાંભળો. લશ્કરમાં કેટલાક મુનાફિક઼ો પણ હતા. જ્યારે તેઓને એ ખબર મળી કે હુઝૂર ﷺએ ગુમ થયેલ ઊંટના વિશે એ ખબર આપી છે કે તે ફલાણી વાદીમાં ફલાણા સ્થળે ઉભેલુ છે. તો કટાક્ષમાં તેઓએ આપસમાં કહેવાનુ શરૂ કર્યું, **"વમા યુદરી મુહમ્મદ બિલ્ગયબ." મુહમ્મદ (ﷺ) ગયબની વાત શું જાણે ?!** (એટલે કે અલ્લાહની પનાહ ! તેમણે આ બિલકુલ કાલ્પનિક ખબર





આપી છે કે ઊંટ ફલાણા સ્થળે છે) છુપાએલી વાતોનો હાલ તેમને શું ખબર ? આ મુનાફિક઼ો પાછા મદીના આવ્યા તો કેટલાક સહાબાએ કિરામે હુઝૂર ﷺ સુધી આ ખબર પહોંચાડી કે ફલાણા ફલાણા લોકો હુઝૂર ﷺના ઈલ્મે ગ઼યબના બારામાં આ પ્રમાણે કટાક્ષ કરતા હતા.

સરકારે જ્યારે તેઓને બોલાવ્યા અને પૂછયું તો એકદમ ફરી ગયા ! કહેવા લાગ્યા કે અમારી કૌમના કેટલાક નવયુવાન છોકરાઓએ અમસ્તા મઝાકમાં જ આ પ્રકારની વાતો કરી હતી, આમ તો અમે લોકો હકીકતમાં હુઝૂરની ગયબદાનીના મુન્કિર નથી. અમારો પણ એ જ અકીદો છે જે આમ સહાબીઓનો છે. પોતાની સફાઈમાં તેઓ બયાન આપી જ રહ્યા હતા એવામાં હઝરત રૂહુલ અમીન عليه السلام કુર્આની આ આયતો લઈને ઉતર્યા :

તફસીરે **મઆલિમુત્તન્ઝીલ** તથા **ખાઝિન**માં તેનાથી મળતો જુલતો પ્રસંગ પણ રિવાયત થયેલ છે. હઝરત સદી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે **મારી ઉમ્મત મારી સમક્ષ પેશ કરવામાં આવી અને મને બતાવી દેવામાં આવ્યું કે કોણ મારા પર ઈમાન લાવશે અને કોણ મારી સાથે કુફ્ર કરશે.** જ્યારે મુનાફિક઼ોને આપનો ઈર્શાદ જાણવા મળ્યો તો તેઓ મજાકમાં કહેવા લાગ્યા કે મુહમ્મદ (ﷺ) કહે છે કે હું તેને જાણું છું જે મારા પર યક઼ીન લાવશે અને તેને પણ જે મારી સાથે કુફ્ર કરશે તે લોકોમાંથી જેઓ હજી પેદા પણ નથી થયા ! જો કે અમે તેમની સાથે છીએ અને તેમને અમારો ઈલ્મ નથી ! આં હઝરત ﷺને મુનાફિકોની આ વાતની ખબર થઈ અને આપ મિમ્બર પર તશરીફ લાવ્યા અને અલ્લાહની હમ્દ કરી પછી ફર્માવ્યું, (અર્થ) : તે લોકોનો શું

હાલ છે જેઓ મારા ઈલ્મમાં તાણા મારે છે ! તમે લોકો અત્યારથી કયામત સુધી થનારી જે ચીજના વિશે મને પૂછશો, બતાવીને જ રહીશ. બસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હુઝયફા ઉભા થઈ ગયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બતાવો, મારો બાપ કોણ છે ? ફર્માવ્યું, હુઝયફા. પછી હઝરત ઉમર ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે ખુદાએ પરવરદિગાર, ઈસ્લામના દીન, કુર્આનના ઈમામ અને આપના નબી હોવા પર રાજી છીએ, અમોને દરગુઝર ફર્માવો. તો આપે ફર્માવ્યું, (અર્થ) : લોકો શું તમે ઠેકાણે આવશો ?! આમ કહીને મિમ્બરથી ઉતર્યા તો આ આયત નાઝિલ થઈ. *(તફસીરે મઆલિમુત્તન્ઝીલ, હામિશ ખાઝિન તથા ખાઝિન)*

એનાથી જણાયું કે **હુઝૂર ﷺના ''ઈલ્મે ગયબ'' પર કટાક્ષ અને ઈન્કાર કરવો મુનાફિકોનું કામ છે અને તેનો સ્વીકાર કરવો મો'મિનોનું કામ છે. જેવી રીતે હઝરત ઉમર رضی اللہ عنہએ ઉભા થઈને સ્વીકૃતિનો ઈઝહાર કર્યો. એ જ મો'મિનની શાન છે અને વાંધો ઉઠાવવો મુનાફિક઼ની ઓળખ છે.**

**તૂ દાના હય મા કાન વ મા યકૂન હય**
**મગર બેખબર બેખબર દેખતે હંય**

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

قُلْ اَبِاللّٰهِ وَاٰيٰتِهٖ وَرَسُوْلِهٖ كُنْتُمْ تَسْتَهْزِءُوْنَ ۝ لَا تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ ؕ

''(હે મહબૂબ !) આપ કહી દો કે શું મઝાક કરવાના માટે અલ્લાહ, તેની આયતો અને તેના રસૂલ જ રહી ગયા છે ? વાતો ન બનાવો ! ઈમાન કબૂલ કર્યા બાદ તમે કાફિર તથા મુર્તદ





થઈ ગયા.'' *(પારા–૧૦, સૂ. તૌબા, આ. ૬૫, ૬૬, દુર્રે મન્સૂર)*

**ખુલાસો** : પોતાના મહબૂબની હિમાયત (તરફદારી)માં જરા આ આયતોનું તેવર (ભાવ) તો જુઓ. ધમકી (ચેતવણી) સાથે સતત ઝાટકણી ધ્રુજાવી દેવા માટે પૂરતી છે.

**પહેલી ચેતવણી** : તો એ ફર્માવવામાં આવી કે રસૂલની શાનમાં કોઈપણ પ્રકારની બેઅદબી દર્શાવતો શબ્દ ફક્ત રસૂલનો જ ઈન્કાર નથી પણ ખુદાનો પણ ઈન્કાર છે. આજે જે લોકો ખુદાની તૌહીદનો નામ માત્રનો સહારો લઈને તેના રસૂલની શાન ઘટાડે છે તેઓ એ ગુમાનમાં ન રહે કે આ ટીકા આલોચના કેવળ રસૂલની જ છે, પણ કશાય તફાવત વગર આ ખુદાની શાનમાં ટીકા આલોચના પણ છે.

**બીજી ચેતવણી** : એ ફર્માવવામાં આવી કે રસૂલના બારામાં ઈલ્મે ગ઼યબનો અક઼ીદો કોઈ કાલ્પનિક ચીજ નથી કે તેની મઝાક ઉડાડવામાં આવે.

ઈસ્લામ તથા ઈમાનની અન્ય હક઼ીક઼તોની જેમ આ પણ એક સાબિત પામેલ હક઼ીક઼ત છે જેનો ઈન્કાર કરતાં જ ઈસ્લામ તથા ઈમાનની સાથે કોઈ સંબંધ બાકી રહેતો નથી★.

---

*★નબુવ્વતના માટે ઈલ્મે ગયબ લાઝિમ છે કેમ કે નબુવ્વત ગયબથી માહિતગાર થવાનું જ નામ છે. નબીથી મુત્લક ઈલ્મે ગયબનો ઈન્કાર કરવો કુફ્ર છે. કેમ કે તે નબુવ્વતના માટે લાઝિમ છે. લાઝિમ (જરૂરી ચીઝ)નો ઈન્કાર એ મલ્ઝૂમ (જેના માટે લાઝિમ હોય તે ચીજ. અહીં ઈલ્મે ગૈબ લાઝિમ અને નબુવ્વત મલ્ઝૂમ)ની નફી તથા ઈન્કાર છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવી છે, (અર્થ) : નબીમાં એક સિફત એવી પણ હોય છે જેનાથી તે ગ઼યબમાં થનારી વાતો ને જાણે છે. (ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૦)*

**ત્રીજી ચેતવણી** : એ ફર્માવવામાં આવી કે રસૂલની શાન ઘટાડવી કે તૌહીન કરવી કેવળ એ જ નથી કે મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) તેમની શાનમાં સખત શબ્દો વાપરવામાં આવે, બલ્કે તેમની નબુવ્વત માટે જરૂરી કોઈ ફઝીલત તથા કમાલનો ઈન્કાર પણ તેમની શાન ઘટાડવા માટે પૂરતો છે.

**ચોથી ચેતવણી** : એ ફર્માવવામાં આવી કે **દુનિયામાં મોટામાં મોટા ગુનાહની મઅ્ઝેરત (બહાનુ) કબૂલ કરવામાં આવી શકે છે પરંતુ શાને રસૂલમાં ગુસ્તાખીના બોલ વાપરનારાઓની કોઈ તાવીલ (બચાવની દલીલ) સાંભળવામાં આવશે નહીં.**

એટલે કે જે શબ્દ સ્પષ્ટરૂપે ગુસ્તાખીભર્યો હશે ત્યાં ગુસ્તાખીની કોઈ તાવીલ સાંભળવામાં આવશે નહીં, કેમ કે લફઝે સરીહ (સ્પષ્ટ શબ્દ) તાવીલને કાબિલ નથી હોતો. જેમ કે ખફ્ફાજી શરહે શિફામાં અને અનવરશાહ કાશ્મિરી દેવબંદી ઈકફારુલ મુલ્હિદીનમાં લખે છે, (અર્થ) : અને જરૂરિયાતે દીનમાં તાવીલ કરવાથી કુફ્રથી નથી બચી શકાતુ. *(શરહે શિફા નસીમુર્રિયાઝ, ભાગ–૨, પેજ–૩૭૮, ઈકફારુલ મુલ્હિદીન, પેજ–૬૨)*

**જેથી નબુવ્વતના ગુસ્તાખને કે જેણે સ્પષ્ટ ગુસ્તાખી કરી છે તેને જરૂર કાફિર તથા મુર્તદ ઠરાવવામાં આવશે. અને જે તેને કાફિર ન કહેશે તે પણ કાફિર ઠરશે.** અને નબુવ્વતના ગુસ્તાખની કત્લ પણ વાજિબ છે તેને કોઈ માફી આપવામાં આવશે નહીં. જેમ કે મૌલાના અલી કારી શરહે શિફામાં અને અનવર શાહ કશ્મિરી દેવબંદી ઈફકારુલ મુલ્હિદીનમાં લખે છે, (અર્થ) : ઉલમાનો એ વાત પણ



મુહમ્મદુર્રસુલુલ્લાહ ﷺ કુર્આનમાં

ઈજમાઅ તથા ઈત્તેફાક છે કે, હુઝૂરે અકરમ ﷺનો ગુસ્તાખ કાફિર છે અને **જે તેના કુફ્ર તથા અઝાબમાં શક કરે તે પણ કાફિર છે.** કશ્મિરી સાહબ લખે છે, (અર્થ) : નબી અકરમ ﷺનો હક્ક હતો કે પોતાના ગુસ્તાખને માફ ફર્માવી દે અથવા કત્લ કરાવી દે અને આ બંનેવ વાતો પેશ આવી. અને ઉમ્મત પર તો ગમે તે સંજોગોમાં નબુવ્વતના ગુસ્તાખને કત્લ કરવો વાજિબ છે, અને તેની તૌબા કબૂલ કરવામાં આવશે નહીં. *(ઈફકારુલ મુલ્હિદીન)*

એના સમર્થનમાં અન્વર શાહ કશ્મીરીની ઝબાની સાંભળો, ફર્માવે છે : (અર્થ) જરૂરિયાતે ઈસ્લામનો વિરોધ અને એની વિરુધ્ધ કામ કરવાવાળાના કુફ્રમાં કોઈ મતભેદ નથી, ભલે તે કિબ્લહ તરફ મોઢુ કરીને નમાઝ પઢે અને ભલે આખી જિંદગીભર હમેશાં બંદગી તથા ઈબાદત કરતો રહે, તેની કોઈ પરવા કરવામાં આવશે નહીં. *(ઈફકારુલ મુલ્હિદીન, પેજ–૧૧)*

**પાંચમી ચેતવણી** : એ ફર્માવવામાં આવી કે **કલ્માગોઈ અને ઈસ્લામની જાહેરી નિશાનીઓ તૌહીને રિસાલતના પરિણામો અને હુકમોથી કોઈને બચાવી નથી શક્તી.** કોઈ લાખ પોતે પોતાને મુસલમાન કહેતો રહેતો રહે રસૂલની શાનમાં ગુસ્તાખી પછી તેના માટે ઈસ્લામના દાયરામાં હવે કોઈ ગુંઝાઈશ નથી.

કુફ્રનો ફત્વો આપીને તેના ખારિજે ઈસ્લામ હોવાનું એલાન કરી દેવું જરૂરી છે જેથી મુસ્લિમ સમાજ તેના નામ માત્રના, દેખાવ પૂરતા ઈસ્લામથી ધોકો ન ખાય. અને તેની સાથે દીની વ્યવહારનો કોઈ સંબંધ બાકી ન રાખવામાં આવે.

## ★ પાંચમી આયતે કરીમહ ★

**શાને નુઝૂલ** : બયાન કરે છે કે સરકારે અનવર ﷺએ એક પ્રસંગે સંબોધન કરતાં ઈર્શાદ ફર્માવ્યો, **"મન અતા અની ફકદ અતા અલ્લાહ."** (અર્થ) : **જેણે મારી ઈતાઅત કરી તેણે ખુદાની ઈતાઅત કરી.** (ઈતાઅત = ફર્માંબરદારી)

આ વાક્ય પર યહૂદી મઝહબના લોકોમાં ખૂબ પ્રમાણમાં ચણ ભણ થઈ. તેઓ દરમ્યાન આપસમાં એ ગપસપ શરૂ થઈ ગઈ કે આપ ખુદાઈનો મનસબ (હોદ્દો) લેવા ચાહો છો. તેમની ખ્વાહિશ છે કે હવે ખુદાની જેમ તેમની પણ ઈબાદત કરવામાં આવે. યહૂદીઓના આ તાણાના જવાબમાં આ આયત નાઝિલ થઈ.

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ وَمَنْ تَوَلّٰى فَمَآ
اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ۝

"જેણે રસૂલની ઈતાઅત કરી યક઼ીનન ! તેણે અલ્લાહની ઈતાઅત કરી અને જેણે આપની ઈતાઅતથી મોઢુ ફેરવ્યું તો સાંભળી લો કે તેના પર આપની કોઈ જિમ્મેદારી નથી." *(પારા–૫, સૂ. નિસાઅ, આ ૮૦)*

**ખુલાસો** : આ આયતમાં પરવરદિગારે આલમે ખુલ્લમ ખુલ્લા યહૂદીઓના એ ખયાલની રદ ફર્માવી કે ઈતાઅત અને ઈબાદત બંનેવ એક જ ચીજ છે. ઈતાઅત ચાહવાવાળા પર એ ઈલ્ઝામ મૂકવો કે તે પોતાની ઈબાદત કરાવવા ચાહે છે, એ ખુલ્લો આક્ષેપ અને દિલ તથા દિમાગની અતિ સ્પષ્ટ બદ્બખ્તી તથા ગુમરાહી છે.

યક઼ીનન ! રસૂલની શાન એ જ છે કે તેમની ઈતાઅત





કરવામાં આવે બલ્કે તેઓ એવું કહેવામાં સત્યના પંથે છે કે જેણે મારી ઈતાઅત કરી તેણે ખુદાની ઈતાઅત કરી.

જરા વિચાર કરો કે યહૂદીઓના આ નાપાક ખયાલની રદના માટે આટલું ખૂબ જ પૂરતું હતું. પરંતુ બયાનનું આ બીજુ પાસુ કેટલું કંપાવી દેનાર છે કે જે આયતની ઈતાઅતથી દૂર ભાગે છે અથવા આપની ઈતાઅતને ખુદાની ઈતાઅત નથી સમજતો તો આપની તેના પર કોઈ જિમ્મેદારી નથી. અમે આપને તેના પર નિગાહબાન બનાવીને મોકલ્યા જ નથી.

**આજે પણ મુસ્લિમ સમાજમાં યહૂદીઓના આ ખયાલવાળો એક ગિરોહ મૌજૂદ છે જેઓ પોતાના દેખાવના ઈસ્લામની આડમાં બેસીને હક્ક઼પરસ્ત મુસલમાનોને આ જ પ્રકારનાં તાણા મારે છે.** પોતાની બદ્અકીદગી અને વક્ર દૃષ્ટિ વડે મનસબે રિસાલતની દરેક તા'ઝીમને તેઓ ખુદાનો જ હક્ક઼ સમજે છે. રસૂલ ﷺની જાઈઝ તા'ઝીમ પણ તેઓને પરસ્તિશ (ઈબાદત) જણાય છે. બિલકુલ યહૂદીઓની જેમ વાત વાતમાં એ જ તાણો મારે છે કે, અમે મઆઝલ્લાહ ! રસૂલને ખુદાને સ્થાન પર જોવા ઈચ્છીએ છીએ ! એવા લોકોએ કુર્આનની આ આયતથી ઈબ્રત (સબક) હાંસલ કરવો જોઈએ.

અને પોતાના રૂહાની પેશ્વા જનાબ અલ્લામહ્ ઈબ્ને તૈમિયહની વાત સાંભળવી જોઈએ, તે ફર્માવે છે, (અર્થ) : ખુદા તઆલા અને રસૂલે આ'લા ﷺની હુરમત તથા ઈઝ્ઝતની દિશા એક જ દિશા છે તો જેણે રસૂલલ્લાહ ﷺને ઈજા પહોંચાડી તેણે નિઃશંક ! અલ્લાહ તઆલાને ઈજા પહોંચાડી. કેમ કે ઉમ્મત કોઈ એવી ચીજને નથી પામી શકતી જે તેની તથા

ખુદાની દરમ્યાન છે, પણ રસૂલુલ્લાહ ﷺના મહાન વસીલાથી. (એટલે આપના વસીલા વગર મળી શક્તી નથી.) કોઈ પણ ઉમ્મતીના માટે ખુદા સુધી પહોંચવા માટે હુઝૂર ﷺના સિવાય કોઈ અન્ય રસ્તો નથી, અને ન હુઝૂરના સિવાય કોઈ બીજો સબબ છે, અને બેશક ! અલ્લાહ તઆલાએ ''અમરો નેહી'' અને ''ખબરો બયાન''માં હુઝૂર ﷺને પોતાના નાયબ બનાવી દીધા છે. જેથી આ બાબતોમાં ખુદા અને રસૂલની વચ્ચે કોઈ ફરક કરવો જાઈઝ નથી. *(અસ્સારિમુલ મસ્લૂલ, પેજ–૪૧)*

એ જ પ્રમાણે જે લોકો મનઘડત તૌહીદના ઘમંડમાં પોતે પોતાને હુઝૂરે અકરમ ﷺના મોહતાજ નથી ગણતા બલ્કે તેને શિર્ક અને ન જાણે શું શું ઠરાવે છે તેઓ ઈબ્ને તૈમિયહના મહાન શાર્ગિદ જનાબ અલ્લામહ્ ઈબ્ને કૈયિમ જવઝીની વાત સાંભળે, તે શું ફર્માવે છે : (અર્થ) : જ્યારે આં હઝરત ﷺ સંપૂર્ણપણે ખુદાના હાજતમંદ થયા તો ખુદાએ આખી મખ્લૂકને દુનિયા તથા આખેરતમાં હુઝૂરની મોહતાજ કરી દીધી. દુનિયામાં મખ્લૂકને હુઝૂરની હાજત ખાવા પીવાથી પણ વધુ છે જેના થકી તેમની જિંદગી કાયમ છે અને મખ્લૂકને આખેરતમાં હુઝૂરની હાજત એ રીતે હશે કે તમામ રસૂલોને ખુદાની બારગાહમાં શફાઅત કરવાની દરખાસ્ત કરશે કે તેઓ તેમને હશ્રની તકલીફોમાં આસાની આપે. તમામ રસૂલ શફાઅત કરવાથી અલગ રહેશે પછી હુઝૂર જ શફાઅત ફર્માવશે અને તેઓના માટે જન્નતનો દરવાજો ખોલાવશે. *(પેજ–૧૫૩)*

**વો જહન્નમમેં ગયા જો ઉનસે મુસ્તગ્ની હુવા**
**હય ખલીલુલ્લાહ કો હાજત રસૂલુલ્લાહ ﷺકી**

–*(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*





## ★ છઠ્ઠી આયતે કરીમહ ★

**શાને નુઝૂલ** : ઈસ્લામના પ્રારંભમાં જ્યારે કે ડગલેને પગલે દુશ્મનોના હુમલાથી જિંદગી ઘાયલ થઈ રહી હતી, ખુદાની તૌહીદનો ઈકરાર ક઼યામતને નોંતરવા સમાન હતો. કુફ્રના સર્વ સરદારોએ રસૂલનો અવાજ સાંભળવાથી દુનિયાને રોકી દીધી હતી. તેવા દિવસોમાં એક દિવસ અરબી સરકાર ﷺ સફા પહાડની ટોચ પર ચઢી ગયા અને તેઓને અચાનક તૂટી પડનારા ખતરાથી ખબરદાર કરવાવાળી ઝબાનમાં અવાજ આપ્યો. એ અવાજ પર તમામ મક્કાવાસીઓ એકદમ દોડી પડયા. આપની આસપાસ જમા થવાવાળાઓમાં અબૂ લહબ પણ હતો. જ્યારે એ એકત્ર થઈ ગયા તો હુઝૂરે મજમાને પ્રશ્ન કર્યો, જો હું તમને કહું કે આ પહાડની ઘાટીમાં દુશ્મનનું એક લશ્કર છુપાએલું છે અને તમારા પર હુમલો કરવા ઈચ્છે છે, તો શું તમે મારી આ ખબરનું યકીન કરશો ? સૌએ એકી અવાજે કહ્યું, કેમ નહીં ?! એ ઝબાન પર અમે શા માટે ભરોસો ન કરીએ જે કદાપિ જૂઠથી ગંદી થઈ નથી, જેની પવિત્રતા પર યકીન કરવા માટે એટલું પૂરતુ છે કે તે મુહમ્મદ (ﷺ)ની ઝબાન છે.

ત્યારબાદ આપે ફર્માવ્યું, હું તમને તેનાથી પણ વધુ ગંભીર અને ભયાનક અઝાબની ખબર આપી રહ્યો છું જે તમારા માથાઓ પર તોળાઈ રહ્યો છે. જો તમે તમારી સલામતી ઈચ્છતા હોઉ તો કુફ્ર તથા શિર્કની જિંદગીથી તૌબા કરીને ઈસ્લામના પરચમના સલામત ઘરમાં આવી જાવ.

હુઝૂર ﷺની આ તકરીર સાંભળીને અબૂ લહબના તન બદનમાં આગ લાગી ગઈ. આંખોથી ચિંગારી ઉડવા લાગી,

ગુસ્સાથી ચહેરો તમતમી ઉઠયો, ગુસ્સાની આગમાં સળગતાં કહ્યું :–

**“તબ્બાલક સાઈરલ યવમિ.”** ''તમારો નાશ થાય ! તમે આ જ સંભળાવવા માટે અમોને એકત્ર કર્યા હતા !''

تَبَّتْ يَدَآ اَبِىْ لَهَبٍ وَّتَبَّ ۝ مَآ اَغْنٰى عَنْهُ مَالُهٗ وَمَا
كَسَبَ ۝ سَيَصْلٰى نَارًا ذَاتَ لَهَبٍ ۝ وَّامْرَاَتُهٗ ؕ
حَمَّالَةَ الْحَطَبِ ۝ فِىْ جِيْدِهَا حَبْلٌ مِّنْ مَّسَدٍ ۝

''તૂટી જાય બંનેવ હાથ અબૂ લહબના અને તેનો નાશ થાય (તો અઝાબથી છૂટકારો પામવા માટે) ન તેનો માલ કામ આવશે ન તેની કમાએલી દૌલત. તે અને તેની પત્ની જે લાકડીઓનો ભારો ઉઠાવીને ફરે છે બંનેવ જહન્નમની ભડકતી આગમાં ફંગોટી દેવામાં આવશે.'' *–(પારા–૩૦)*

**ખુલાસો** : મહબૂબને ઈજા પહોંચાડનારના એક વાક્ય પર જરા કહરે ઈલાહીના ઉભરાતા દરિયાની મૌજોનો જોશ તો જુઓ ! **એક ક્ષણમાં અબૂ લહબની દુનિયા અને આખેરતનો ફેંસલો સંભળાવી દેવામાં આવ્યો.**

અબૂ લહબ પોતાના સમયનો નવો મુજરિમ નથી. ગઝબનાક તેવરમાં ડૂબેલી આયત કાલ સુધી શા માટે ઉતારવામાં ન આવી ? કાલે પણ ગયરતે ઈલાહીને હરકતમાં લાવવાવાળા સબબો તેના દ્વારા જાહેર થયા હતા. ખુદાએ વાહિદની ઈબાદતથી બગાવત કરીને હાથે બનાવેલ મૂર્તિઓને ઈબાદતને લાયક ઠરાવવી આ શું કમ દરજાનો જુર્મ હતો ? પરંતુ કુર્બાન જાવ ! તે મહોબ્બતની અદા પર કે પોતાના મુજરિમનો પ્રશ્ન આવ્યો તો મહોલત આપી દીધી, પરંતુ મહબૂબના મુજરિમની સજાના માટે





એક ક્ષણની રાહ પણ જોવામાં ન આવી★.

વળી કહેવાવાળાએ જે કાંઈ પણ કહ્યું હતું તે પોતાના ભત્રીજાને કહ્યું હતું. દુનિયામાં કેટલાય કાકાઓ છે જેઓ આનાથી પણ વધુ કડક શબ્દો પોતાના ભત્રીજાઓના માટે વાપરે છે. પરંતુ ભત્રીજાના તરફથી જવાબ આપવાના માટે કોણ ઉભો થાય છે ? બધા એ જ કહીને દરગુઝર કરે છે કે એ કાકાનો હક્ક છે.

પરંતુ આ હક્ક પોતાના મહબૂબના બારામાં કુર્આન કદાપિ સ્વીકારતું નથી, તે અતિશય સખ્તીની સાથે ચેતવણી આપે છે કે

★ *એટલા માટે ફુકહાએ કિરામ ફર્માવે છે કે,* **ગુસ્તાખે ઉલૂહિયત (ખુદાના ગુસ્તાખ)ની તૌબા સ્વીકારને પાત્ર છે. અને ગુસ્તાખે નબુવ્વતની તૌબા કબૂલ નથી એટલે કે સજાની રૂએ તેને હર હાલતમાં કત્લની સજા આપવામાં આવશે પછી ભલે તે તૌબા કરતો ફરે. એ તેની આખેરતનો મામલો છે, ખુદા કબૂલ કરે ન કરે પણ દુનિયામાં તેને શરઈ હુકમ મુજબ કત્લ કરી જ દેવામાં આવશે.**

*દુર્રે મુખ્તારમાં છે,* **(અર્થ)** : *જે કોઈ નબીની ગુસ્તાખીથી કાફિર તથા મુર્તદ ઠરે* **તેને શરઈ નિયમાનુસાર કત્લ કરવામાં આવશે, તેની તૌબા મુતલકન (સદંતર) કબૂલ નથી.** *એટલે કે ભલે તે ગલતી તેની કબૂલાતથી જણાયી હોય અથવા ગવાહો વડે સાબિત થઈ હોય. અને જો ખુદાની શાનમાં ગુસ્તાખી કરે તો તેની તૌબા સ્વીકારને પાત્ર છે કેમ કે તે ખુદાનો હક્ક છે અને પેલામાં બંદાનો હક્ક છે જેથી તૌબાથી માફ થશે નહીં. અને જે ખુદાના ગુસ્તાખ અને નબીના ગુસ્તાખના કુફ્રમાં તેના અઝાબમાં શક કરે તે કાફિર છે. (ફકીર કાદરી)*

*(આ વિષયમાં વધુ માહિતી માટે 'રહનુમાએ હક્ક'' કિતાબ અથવા ''તયબાહ'' માસિક ઓગ.–૯૦માં ''બારગાહે રિસાલતના ગુસ્તાખોની સજા'' લેખ વાંચી જવો.* **-અનુવાદક***)*

મન્સબે રિસાલતનો એહતેરામ લોહીના સંબંધના એહતેરામથી ખૂબ જ ઉચ્ચ છે. એટલા માટે કોઈને પણ ઈજાઝત નથી કે સંબંધની ઝબાનમાં કોઈ મારા મહબૂબ સાથે વાત કરે. તે પ્રથમ મારો મહબૂબ છે, મારો ઈકતેદારવાળો પયગંબર, કાએનાતમાં મારી સલ્તનતનો નાયબ છે મારા જલાલ તથા જમાલનો આયનો છે★.

અને મારા જ ફઝ્લો કરમથી તે મારી કુદરત તથા અઝમતનો એક અખ્તિયારવાળો પ્રતિનિધિ છે, ત્યાર પછી જ તે કોઈનો બાપ, કોઈનો બેટો, કોઈનો શોહર (પતિ) અને કોઈનો ભત્રીજો છે.

મારા અતા કરેલા મન્સબનો એહતેરામ સૌના માટે જરૂરી છે. એ મન્સબની બેહુરમતી એક પળ માટે પણ સહન કરવામાં આવશે નહીં.

## ★ સાતમી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : મશહૂર દુશ્મન આસ ઈબ્ને વાઈલના વિશે મનકૂલ (નકલ થયેલ) છે કે એક દિવસ તે કેટલાક સમયનું સડી ગયેલ જૂનુ પુરાણુ હાડકુ હાથમાં લઈને સરકારની ખિદમતમાં હાજર થયો. તેણે હાડકા તરફ ઈશારો કરતાં કહ્યું, "કેમ મુહમ્મદ (ﷺ) ! તમારો ખયાલ છે કે આ હાડકુ ફરી કિયામતના દિવસે બીજીવાર જીવંત કરવામાં આવશે ? દુનિયાનો કોઈ બુદ્ધિશાળી માણસ ભલા શું આવી મઝાકભર્યી વાત કહી શકે છે જેવી તમે કહો છો ? ભલા આ સડી ગયેલી અને નિર્જીવ

★ *જેમ કે હદીષ શરીફમાં છે કે* **અના મિર્અતુ જમાલિલ્લાહ** *કે "હું ખુદાના હુસ્ન તથા જમાલનો આયનો છું."*





હાડકીમાં કેવી રીતે જિંદગીના પાછા ફરવાની કલ્પના કરી શકાય છે ? તમારો આગ્રહ છે કે એક સ્પષ્ટ નાસમજીની વાત પર લોકો એક થઈ જાય ! ભલા બુદ્ધિ તથા હોશની સલામતીની સાથે આ વાત શક્ય હોઈ શકે છે ?

હજી એ પોતાની વાત કહીને બેસવા પણ પામ્યો ન હતો કે હઝરત રૂહુલ અમીન આ આયત લઈને નાઝિલ થયા :–

وَضَرَبَ لَنَا مَثَلًا وَّنَسِيَ خَلْقَهٗ ۗ قَالَ مَنْ يُّحْيِ الْعِظَامَ وَهِيَ رَمِيْمٌ ۝
قُلْ يُحْيِيْهَا الَّذِيْٓ اَنْشَاَهَآ اَوَّلَ مَرَّةٍ ۗ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيْمٌ ۝

"ક઼િયામતના અક઼ીદાની મઝાક ઉડાડવા) તેણે એક દષ્ટાંત બનાવ્યું. પોતાની પેદાઈશ (નો કિસ્સો) ભૂલી ગયો ! તેણે (કટાક્ષ કરતાં) કહ્યું કે સડી જનારી હાડકીને કોણ જીવંત કરશે ?

આપ કહી દો કે તે (ક઼ાદિર તથા શક્તિશાળી ખુદાવંદ) જીવંત કરશે જેણે પહેલી વખતે તેને જિંદગી બખ્શી હતી અને તે પોતાની તમામ ખલ્ક઼તને સારી પેઠે જાણે છે." *(પારા–૨૨, સૂ. યાસીન આ. ૭૭, ૭૮)*

**ખુલાસો** : જરા શાને મહબૂબિયતનો આ જલ્વો પણ જુઓ કે સવાલ કરવાવાળાએ સવાલ કર્યો રસૂલને, પરંતુ જવાબ આપી રહ્યો છે ખુદાએ કિર્દગાર ! મોઅઝ્ઝઝ્ રસૂલની સમક્ષ સવાલની આ પદ્ધતિ સદંતર શિસ્તની વિરુધ્ધ અને તમીઝ વગરની છે. કુર્આને પણ જવાબ આપની વખતે સવાલના તે અંદાઝને સામે રાખ્યો છે.

"પોતાની પેદાઈશનો કિસ્સો ભૂલી ગયો ?!" અભિમાન અને બડાઈનો ઘમંડ તોડવાના માટે આ વાક્ય નશ્તરથી પણ વધુ તેજ છે. આજે જે જિંદગીની શક્તિઓ વડે તું હર્યોભર્યો છે,

કાલે જે સમયે તું એક નિર્જીવ ટીપુ હતો તો કોણે તને જિંદગીની આ રોનક અતા કરી ?

માણસની આદત એ છે કે કમજોરી તથા મુસીબતના દિવસોની યાદને તે પોતાના માટે શરમની વાત સમજે છે. કુર્આને એક જ વાક્યમાં ઘમંડનો બધો જ નશો ઉતારી દીધો, કેમ કે તેની અસલિયત યાદ દેવડાવી દીધી. ત્યારબાદ એ વાતને કે મૃત્યુ બાદ જ્યારે હાડકાં સડી ખખડી જશે તો કોણ તેને જીવંત કરશે ? તે એટલી સરળતાથી દિમાગમાં ઉતારી દીધું કે ગલત વિચારનારી બુદ્ધિ મોઢું તાકતી રહી ગઈ ! એ દલીલની સામે સૌની ઝબાન બંધ છે કે જેણે પહેલીવાર તેને જીવતો કર્યો હતો તે જ બીજીવાર તેને જીવતો કરશે. મુશ્કેલ કામ તો પહેલી વખતે હતું કેમ કે બિલકુલ શૂન્યમાંથી અસ્તિત્વમાં લાવવાનું હતું. બીજી વખતે તો ગમે તેમ તો પણ એક (ચીજનું) અસ્તિત્વ તો છે, માન્યું કે સડી ગયેલું છે પરંતુ નાશ પામેલ તો નથી.

## ★ આઠમી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : કહે છે કે, હુઝૂરે અકરમ ﷺએ ઝયદ ઈબ્ને હારિષહ્ નામના એક અઝીઝ સહાબીને પોતાનો ઝબાનની બોલેલ બેટો બનાવી લીધો હતો. લગભગ એક લાખ સહાબાએ કિરામમાં એ એકલા આ અન્યને લલચાવનારી ઈઝ્ઝતના માલિક છે કે કુર્આન મજીદે તેમનુ નામ લીધું છે.

જ્યારે તે જુવાન વયે પહોંચ્યા તો સરકારે હઝરત ઝયનબ બિન્તે હબ્શ નામી એક ઈઝ્ઝતદાર ખાતૂનથી તેમનો નિકાહ કરાવી દીધો. આગળ જતાં તે બંનેવના આંત્રિક સંબંધો નાખુશગવાર થઈ ગયા અને કડવાશ એટલે સુધી વધી કે





જુદાઈની નોબત આવી ગઈ.

હઝરત ઝયનબની તલાકની ઈદ્દત પૂરી થયા બાદ★ અચાનક એક દિવસ જિબ્રઈલે અમીન આ ઈલાહી હુકમ લઈને ઉતર્યા : فَلَمَّا قَضٰی زَیۡدٌ مِّنۡہَا وَطَرًا زَوَّجۡنٰکَہَا ''ઝયદની જરૂરત પૂરી થયા પછી અમે આપના નિકાહ ઝયનબથી કરી દીધા.'' *(પારા–૨૨, સૂ. અહ્ઝાબ, આ. ૩૭)* (એટલે કે ઝયદની તલાકની ઈદ્દત પસાર થયા પછી ખુદા તઆલા એ ઝયનબના નિકાહ હુઝૂર ﷺથી કરી દીધા.)

આ આયતના નુઝૂલ પછી તે ખૂબજ ફખ્ર તથા શાનો શૌકત સાથે સરકાર ﷺના ઝનાનખાના (પત્નીઓને રહેવાની જગા)માં તશરીફ લાવ્યાં. આ ખુદાવંદીની અતા કરેલ ઈઝ્ઝત પર તે હમેશાં નાઝ કરતાં રહ્યાં કે સરકારની સાથે તેમના નિકાહનો ઈન્તેઝામ કરનાર ખૂદ પરવરદિગાર હતો. એમાં કોઈ શક નથી કે આખી દુનિયામાં આ ઈજ્જત તેમના માટે ખાસ હતી.

જેવી આ નિકાહની જાહેરાત થઈ તો દુશ્મનોએ તાણા મારવાનું શરૂ કર્યું કે મુહમ્મદ (ﷺ)એ મઆઝલ્લાહ ! પોતાના બેટા સાથે નિકાહ પામેલી સ્ત્રીની સાથે નિકાહ કરી લીધા છે ! ખુદાએ કિર્દગારે પોતાના મહબૂબની તરફથી દુશ્મનોના તાણાનો આ જવાબ નાઝિલ ફર્માવ્યો.

مَا كَانَ مُحَمَّدٌ اَبَاۤ اَحَدٍ مِّنۡ رِّجَالِكُمۡ وَلٰكِنۡ رَّسُوۡلَ اللّٰهِ
وَخَاتَمَ النَّبِيّٖنَ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمًا ﴿۴۰﴾

---

*★એટલે કે હઝરત ઝયનબની તલાકની ઈદ્દત પસાર થઈ ગઈ. જેમ કે સહીહ મુસ્લિમ શરીફમાં છે.*

"મુહમ્મદ તમારામાંથી કોઈ મર્દના બાપ નથી, તે અલ્લાહના રસૂલ અને અંબિયાના સિલસિલાને ખત્મ કરનારા છે. અને અલ્લાહ દરેક ચીજને જાણવાવાળો છે." *(પારા–૨૨, સૂ. અહ્ઝાબ, આ. ૪૦)*

**ખુલાસો** : આ આયત કોરડો છે તે લોકો માટે જેઓ ખુદાના આખરી રસૂલની સાથે "ભાઈ"નો સંબંધ જોડે છે ! જ્યારે તેમના બારામાં બાપનો સંબંધ ખુદાને પસંદ નથી તો ભાઈનો સંબંધ કેવી રીતે સ્વીકાર્ય હશે ? તે ગફલતમાં પડેલાઓએ જાણવું જોઈએ કે પૈગંબર ખૂદ ભાઈ બનવા નથી આવતા બલ્કે ભાઈ બનાવવા આવે છે.

ઈમાની કૈફિયતથી લબરેઝ થઈને જરા વિચારો કે પોતાના રસૂલની સાથે ખુદાના સંબંધોનો તરીકો કેટલો મહોબ્બતથી ભરપૂર છે. કુર્આને રસૂલના મન્સબને લગતી અને ઝાતી હૈસિયતમાં કોઈ ફર્ક નથી કર્યો. વિચાર કરો તો (જણાશે કે) દુશ્મનોનો આ એતરાઝ મન્સબે રિસાલત પર ન હતો, રસૂલની ઝાત પર હતો. પરંતુ કુર્આને પોતાના રસૂલની વકાલતમાં એ ઈલ્ઝામનું પણ નિવારણ કરી દીધું. અહીંથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે જે લોકો રસૂલની બે હૈસિયતો નક્કી કરે છે, એક પૈગંબરાના બીજી ગૈર પૈગંબરાના, તેઓ કુર્આનની અસલિયત (મિઝાજ)થી વાકેફ નથી.

કુર્આને દુશ્મનોના તાણાના જવાબમાં એવું કહીને કે, મુહમ્મદ ﷺ કોઈ મર્દના બાપ નથી, (કુર્આને) તેમની વિચાર દષ્ટિની નબળાઈ, તેમની ગલત બયાની અને આક્ષેપબાજીનો પડદો ચીરી નાખ્યો છે.

જ્યારે તે કોઈ મર્દના બાપ નથી તો હઝરત ઝયદને તેમનો





પુત્ર ઠરાવવા એ તદન સફેદ જૂઠાણુ છે. મોઢે બોલેલા પુત્રને હકીકી પુત્ર કયાસ કરવો (એ) પણ કેટલી મોટી જહાલત છે તે વાત વર્ણનની મોહતાજ નથી. મોઢે બોલેલ પુત્ર (બેટો) હુકમો અને સંબંધોની દષ્ટિમાં બિલકુલ એ રીતે અજનબી છે જેવી રીતે કોઈ પણ ગૈર (અન્ય) માણસ હોઈ શકે છે. એટલે તેના નિકાહ પામેલ સ્ત્રીને સગી ઔલાદની સાથે નિકાહ પામેલ સ્ત્રીની જેમ હરામ ઠરાવવી બુદ્ધિ તથા સમજદારીનું ખૂન કરવા સમાન છે. દુનિયામાં લાખો વ્યક્તિઓ છે જેઓએ પોતાની ઝબાનથી બોલેલી બહેનો સાથે શાદી કરી હશે. પરંતુ કોણ તે લોકો પર તાણા માટે જીભ લાંબી કરે કે તેઓએ પોતાની બહેનોને પત્ની બનાવી લીધી ?! આ પ્રકારનો એતરાઝ (વાંધો) તે જ કરી શકે છે જેના દિમાગમાં અક્કલ નામની કોઈ ચીજ ન હોય.

## ★ નવમી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : બયાન કરે છે કે, સરવરે દો આલમ ﷺ જ્યારે આમ મજમામાં તકરીર ફર્માવી રહ્યા હતા તો કેટલાક એવા પ્રસંગો પણ આવી જતા હતા કે સહાબાએ કિરામને ફરીવાર પૂછવાની જરૂરત ઉભી થતી હતી જેના માટે તેઓ "રાઈના" શબ્દ ઈસ્તેમાલ કરતા હતા. જેનો અર્થ છે હઝરત અમારા પર મહેરબાની (તવજ્જોહ) ફર્માવો, એટલે કે અમને સમજાય એ રીતે સમજાવી દો. પરંતુ યહૂદીઓની ઝબાન (બોલી)માં આ શબ્દનો અર્થ ખૂબ જ બેઅદબીના અર્થમાં હતો. તેઓએ પણ આમ મજમામાં આ શબ્દનો ઈસ્તેમાલ શરૂ કરી દીધો. ફરક એ હતો કે મુસલમાન આ શબ્દને સારા અર્થમાં ઉપયોગ કરતા હતા પરંતુ યહૂદી ધર્મવાળા લોકો આ શબ્દનો ખૂબ જ ખરાબ અર્થના હેતુથી ઉપયોગ કરતા હતા. યહૂદીઓને

હુઝૂરે પાક ﷺથી જે દુશ્મની હતી અને જે રીતે તેઓ હમેશાં મૌકાની તલાશમાં રહ્યા કરતા હતા, આ શબ્દના વડે તેઓને પોતાના દિલની આગ બહાર કાઢવાનો સારો મોકો મળી ગયો હતો. મહા મુશ્કેલી એ હતી કે એ જ શબ્દ મુસલમાન પણ વાપરતા હતા, અને ફર્ક જે હતો તે કેવળ દિલની નિયતોનો હતો, અને સ્પષ્ટ છે કે દિલની નિયતો પર કોઈ પકડ કરવામાં નથી આવતી.

પરંતું કુર્બાન જાવ તે રહમતની અદા પર કે ડગલે ને પગલે પોતાના મહબૂબની ઈઝ્ઝતની મુહાફિઝ હતી. ગુસ્તાખ દિલોના માટે એટલી ગુંઝાઈશ પણ તે માન્ય ન કરી શકી, તરત જ આસમાનથી આ આયત નાઝિલ થઈ :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَقُوْلُوا انْظُرْنَا
وَاسْمَعُوْا ؕ وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ اَلِيْمٌ ۝

"હે ઈમાનવાળાઓ ! હવે **"રાઈના"** કહેવાનું છોડી દો અને તેને બદલે "ઉન્ઝુરના" (અમારી તરફ નિગાહે કરમ ફર્માવો) કહ્યા કરો **અને (રસૂલની વાતો) ધ્યાનપૂર્વક સાંભળો અને (તે) કાફિરોના માટે જેઓ દિલમાં રસૂલની તૌહીન માટેનો જઝબો છુપાવેલા રહે છે (તેમના માટે) દર્દનાક અઝાબ છે."** *(પારા–૧, સૂ. બક, આ. ૧૦૪)*

**ખુલાસો** : તે ડાળી જ ન રહે જેના પર માળો બને. મુસલમાન તે શબ્દનો ઉપયોગ બંધ કરી દે જેમાં તૌહીનનો અર્થ પેદા કરવા માટે કોઈ રીતની જરા સરખી પણ શક્યતા ઉભી થતી હોય. તૌહીનની દીશાની રજમાત્ર શંકા પણ તે શબ્દ પર પાબંદી લગાડવા માટે ખૂબ જ પૂરતી છે.





મહબબૂની શાનમાં તૌહીન દર્શાવતા શબ્દોનો ઉપયોગ તો મોટી વાત છે, **અહીં તો તૌહીન પ્રદર્શિત કરતો ઈરાદો પણ એક ક્ષણના માટે માન્ય નથી !** જો કે રાઈના શબ્દ પોતાના અસલી અર્થના હિસાબે અરબી ભાષાનો એક બાતમીઝ (સભ્ય) શબ્દ છે. પરંતુ દુશ્મન તે શબ્દને પોતાના દિલની ખરાબીને પોષવા માટેનો ઝરીયો બનાવી લે છે એટલા માટે તે શબ્દનો ઉપયોગ જ છોડી દેવામાં આવે જેથી દુશ્મનને અર્થમાં ઘાલમેલ કરવાનો પણ ફરી મોકો ન મળે.

હવે રહી ગયો પ્રશ્ન ગુસ્તાખોની સજાનો, તો સાંભળી લો કે આખેરતમાં દર્દનાક અઝાબ તેઓનું મુકદર બની ચૂક્યો છે. કેમ કે આ દુનિયા દારુલ જઝા (બદલાના જગા) નથી, એટલા માટે ન અહીં કોઈ ગુસ્તાખની ઝબાન પકડી શકાય છે ન તેની કલમ રોકી શકાય છે. અહી ભલાઈ તથા બુરાઈના બંનેવ માર્ગો ખુલ્લા છે તે માર્ગો પર તે જેટલે દૂર સુધી જવા ઈચ્છે જઈ શકે છે. ઈનામ તથા સજાની મંઝિલ તો આવનારી જિંદગીમાં સામે આવશે, પરંતુ આ દુનિયામાં તે લોકોનો ઈબ્રતનાક અંજામ પાછા ફરીને તેઓ જોઈ લેત જેઓએ ખુદાના મહબૂબોની ઠેકડી ઉડાડી હતી, તો કમસેકમ એ સમજમાં આવી જાત કે અંબિયાના ગુસ્તાખો માટે ખુદાની રહમતનો દરવાજો હમેશાંના માટે બંધ છે.

## એક ઈબ્રતનાક દાસ્તાન

વાત આવી ગઈ છે તો તે આયતના હેઠળ એક ખૂબ જ ઈબ્રતનાક દાસ્તાનનો ઉલ્લેખ કરવા ઈચ્છુ છું.

લગભગ અડધી સદીથી વધુ અરસા અગાઉ હિંદુસ્તાનમાં (વહાબી દેવબંદીઓની) **તકવિયતુલ ઈમાન, તહઝીરુન્નાસ,**

**હિફ્ઝુલ ઈમાન અને ફતાવાએ રશીદિયહ્** વગેરે કેટલીક એવી કિતાબો લખવામાં આવી જેની ઈબારતો રસૂલની તૌહીનના ઝહેર વડે ભરપૂર હતી. જ્યારે તે કિતાબો છપાઈને જાહેરમાં પ્રદર્શિત થઈ તો લેખકો અને પ્રકાશકોને દરખાસ્ત કરવામાં આવી કે જે રસૂલનો તમે કલ્મો પઢો છો તેમની માસૂમ રૂહને તકલીફ ન પહોંચાડો ! બારગાહે રિસાલતમાં તૌહીન કરીને તમે તમારો સંબંધ ઈસ્લામી વર્તુળથી તોડી નાખ્યો છે. ફરીથી બીજીવાર ઈસ્લામની તરફ આવવા ઈચ્છતા હોઉ તો પોતાની તૌબાનું એલાન કરો અને તે નાપાક ઈબારતોને પોતાની કિતાબોમાંથી કાઢી નાખો.

તેઓએ કાયમની હલાકતની મંઝિલેથી પાછા ફરવાને બદલે પોતાની ઘમંડી વિચારસરણીના દામનને પકડી લીધો. નફ્સના શૈતાને તેમને એ પાઠ ભણાવ્યો કે તમે પોતાની ભૂલનો સ્વીકાર જ ન કરો, તાવીલ (અર્થ ઘટન)નો દરવાજો ખુલ્લો છે, તમારી ઈબારતથી જ્યાં કુફ્રની શરાબ ટપકે છે ત્યાં ઈસ્લામની કોઈ ન કોઈ દિશા પણ શોધી કઢાશે. વાત વધતાં વધતાં એ સ્તરે પહોંચી કે આખરી ફૈસલાના માટે કોઈ મધ્યસ્થીની જરૂરત ઉભી થઈ. જેથી આ મુકદ્દમાની આખી ફાઈલ હરમૈન તૈયબેનના ઉલમા, મશાઈખ, ઉસ્તાદો, મુહદ્દિષો, ચારેવ મઝહબના મુફતીઓ અને મુસ્તનદ કાઝીઓની સમક્ષ રાખી દેવામાં આવી. છેવટે મુદ્દતો સુધી વિમર્શ અને ચર્ચા વિચારણને અંતે હિજાઝે મુકદ્દસ અને આલમે ઈસ્લામના તમામ મુફતિયાને શરીઅત અને મશાઈખે હિદાયતે એ નિર્ણય બહાર પાડયો કે આ કિતાબોમાં ઉઘાડી રીતે રસૂલની તૌહીન છે. તૌબા સિવાય કોઈ તાવીલ તે કિતાબોના લેખકોને આખેરતના કાયમી અઝાબથી નથી બચાવી શકતી.





હજી પણ મોકો હતો કે તે કિતાબોના લેખકો, પ્રકાશકો અને તેઓના માનવાવાળા પોતાની બદ્બખ્તીથી સાવચેત થઈ જાત અને વળતે પગલે ઈસ્લામની સલામતીની તરફ પાછા ફરત. પરંતુ બુરું થાય નફ્સના શૈતાનનું કે તેઓ ઢંગધડા વગરની તાવીલોમાં અટવાઈ પડયા, જેનું પરિણામ એ આવ્યું કે જંગલની આગની જેમ આ ચિંગારી ફેલાતી ગઈ અને હવે નમરૂદના આતિશકદાની જેમ આખુ અખંડ ભારત તેની આગના શોલાઓમાં સળગી રહ્યું છે.

ઘણો સમય પસાર થઈ ગયો તે કિતાબોના લેખકો પોતાનો અંજામ ભોગવવા માટે પોત પોતાના ઠેકાણે પહોંચી ગયા. પરંતુ તેઓની કલમના નશ્તરથી મુસલમાનોના સીના આજ સુધી ઘાયલ છે, અને કહી શકાતુ નથી કે આ ઝખ્મ ક્યારે ભરાશે.

આજે પણ તે દિલને સતાવનારી કિતાબો છપાય છે. આજે પણ બાતિલ કુવ્વતોની પનાહગાહોમાં બેસીને ધોળા દહાડે મહબૂબે કૌનેનની હુરમતોની કત્લેઆમ કરવામાં આવે છે. આ દુનિયા છે અહીં સરકશીના તુફાન પર કોઈ બંધન નથી બાંધી શકાતું, અહીં ફિરઔન તથા અબૂ જહલ અને યઝીદ તથા ચંગેઝ જેવા બાગીઓને પણ જીવવાની મહોલત આપવામાં આવે છે.

અત્યારે તો દેવબંદી મસ્લકના પ્રતિનિધિઓને હું ફક્ત એટલું જ કહેવા માગુ છું કે ઉપર વર્ણવેલ કિતાબોની ઈબારતોમાં જો ધારો કે તમે કોઈ પાસુ ઈસ્લામનું શોધી કાઢયું છે તો બહુ સારી વાત છે ! પરંતુ આ હકીકતથી તો તમે ઈન્કાર નથી કરી શકતા કે તે ઈબારતોનું એક પાસુ તો રસૂલની તૌહીન પર આધારિત છે, **કેમ કે રસૂલની તૌહીનનું કોઈ પાસુ જ ન હોત તો તાવીલની જરૂરત જ શા માટે ઉપસ્થિત થાત ?**

તો હવે કુર્આનની હિદાયતના પ્રમાણે "રાઈના" શબ્દ પર કેવળ એટલા માટે પાબંદી કરવામાં આવી હતી કે તે શબ્દમાં રસૂલના દુશ્મનોની નજીક તૌહીનની કોઈ બાજુ નીકળી શકતી હતી. તો તે જ કાનૂનની રોશનીમાં શું તે કિતાબો પર પાબંદી નથી લગાડી શકાતી કે જેમની ઈબારતોમાં રસૂલની તૌહીનનું પાસુ ઉઘાડુ મૌજૂદ છે ?

પરંતુ યકીન કરશો કે કુર્આન પર સાચા અર્થમાં ઈમાન હોત, હુબ્બે રસૂલ (રસૂલની મહોબ્બત)ની કાંઈ પણ શરમ હોત અને ખુદાની ખુશનુદીનો થોડો પણ લેહાજ હોત તો તૌહીન દર્શાવતી કિતાબોને ક્યારનીયે દરિયામાં નાબૂદ કરી દીધી હોત. જેથી ઈસ્લામી દુનિયામાં જે બેચૈનીની આગ સળગી રહી છે તે હોલવાઈ જાત અને જે લોકો આજે અહલે ઈશ્કો મહબ્બતની ઠોકરોમાં પણ જગા પામવાને લાયક નથી તેઓ માથાઓ પર બેસત અને દિલો પર હુકૂમત કરત અને આ રીતે તે લોકો ઉલમાએ દીનનું સાચુ સ્થાન હાંસલ કરી લેત.

## ★ દસમી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : કહે છે કે સરકારે અકદસ ﷺના સમયમાં એક મુનાફિક઼ અને યહૂદીની વચ્ચે ખેતરમાં પાણી લેવા બાબતે ઝઘડો થયો. યહૂદીનું ખેતર પહેલું પડતુ હતું. મુનાફિકનું ખેતર ત્યારબાદ આવતુ હતું. યહૂદીનું કહેવું હતું કે પહેલાં પાણી મારું ખેતર પી લેશે ત્યારબાદ તારા ખેતરમાં પાણી જવા દઈશ. મુનાફિકે જીદ કરી કે પહેલાં હું મારા ખેતરને પાણીથી તર કરીશ ત્યારબાદ તારા ખેતરમાં પાણી જવા દઈશ.

જ્યારે આ ઝઘડો કોઈથી પત્યો નહીં તો કોઈ મધ્યસ્થી દ્વારા





ફેંસલો કરવાની વાત આવી. યહૂદીએ કહ્યું કે હું તમારા પૈગંબર ﷺને જ પોતાનો મધ્યસ્થી માનુ છું, તેમનાથી મતભેદ હોવા છતાં મને યકીન છે કે **તે સત્ય સિવાય કોઈની તરફદારી કરશે નહીં.** મુનાફિકે એ વિચારીને કે યહૂદીના બદલે જરૂર તેઓ મારી તરફદારી કરશે ! કેમ કે હું પોતે પોતાને મુસલમાન કહુ છું. યહૂદીની રજૂઆત સ્વીકારી લીધી.

જેથી યહૂદી અને મુનાફિક જ્યારે બંને જણ પોતાનો મુકદ્દમો લઈને બારગાહે રિસાલતમાં હાજર થયા તો સરકારે બંને પક્ષોનું અલગ અલગ બયાન સાંભળ્યું. ઝઘડાની વિગત એ દર્શાવતી હતી કે હક્ક઼ યહૂદીના પક્ષે છે. જેથી હુઝૂરે યહૂદીના ફેવરમાં સંભળાવી દીધો.

યહૂદી ખુશ થતો ત્યાંથી ઉઠયો અને બહાર આવીને મુનાફિકને કહ્યું કે હવે તો મારા હક્કથી તને ઈન્કાર હશે નહીં. મુનાફિકે મુઝાએલા ચહેરે કપાળ પર કરચલીઓ પાડીને જવાબ આપ્યો કે **હું આ ફેંસલો સ્વીકારતો નથી ! મારી સાથે ઈન્સાફ નથી કરવામાં આવ્યો !** તમને મંઝૂર હોય તો આપણે આપણો મુકદ્દમો હઝરત ઉમરની પાસે લઈ જઈએ, તે ખરો ફેંસલો કરશે. યહૂદીએ જવાબ આપ્યો, તું જેનાથી પણ ફેંસલો કરાવીશ પણ રસૂલે ખુદાનો ફેંસલો પોતાની જગાએ યથાવત રહેશે.

જેથી બંનેવ જણ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના દૌલતકદા પર હાજર થયા. મુનાફિક઼ે મુક઼દ્દમાની વિગત દર્શાવતાં એ વાત વારંવાર ઉચ્ચારી કે હું મુસલમાન છું અને આ યહૂદી છે, ધાર્મિક અદાવતના કારણે આ મને નુકસાન પહોંચાડવા ઈચ્છે છે. મુનાફિક઼નું બયાન પૂરું થયું તો યહૂદી ફક્ત એટલું કહીને ચૂપ

થઈ ગયો કે, એ ખરી વાત કે હું યહૂદી છું અને આ પોતાને મુસલમાન કહે છે પરંતુ સાંભળી લેશો, જે મુક઼દ્દમો આપની પાસે લઈને આવ્યા છીએ તેનો ફૈંસલો પૈગંબરે ઈસ્લામે મારા હક્કમાં કરી દીધો છે. આ મુસલમાન થઈને કહે છે કે મને તેમનો ફૈંસલો માન્ય નથી. આ પોતાના કહેવાતા ઈસ્લામી હોવાની લાંચ આપીને આપની પાસેથી રસૂલે ખુદાની વિરુદ્ધ ફૈંસલો કરાવવા આવ્યો છે, હવે આપને અખ્તિયાર છે જે ચાહો તે ફૈંસલો કરો.

યહૂદીનું આ બયાન સાંભળીને ફારૂકે આ'ઝમની આંખો લાલ થઈ ગઈ. ગુસ્સાના આવશેમાં ચહેરો તપી ગયો. ગુસ્સાની હાલતમાં ફક્ત એટલુ કહ્યું કે શું આ યહૂદીની વાત ખરી છે ?! મુનાફિકે દબાએલા અવાજમાં કહ્યું કે, તેણે બરાબર જ કહ્યું છે.

મુનાફિક઼ પર બગાવતનો ગુનો સાબિત થઈ ગયો. ફારૂકે આ'ઝમની અદાલતમાં એક મુર્તદની સજાના માટે હવે કોઈ ઘડીનો ઈન્તેઝાર બાકી ન રહ્યો. તે જ કહેર અને ગઝબ (ગુસ્સા)ની હાલતમાં અંદર ગયા, દીવાલ પર એક તલવાર લટકતી હતી તેને મ્યાન બહાર કાઢી અને મજબૂતીથી પકડીને બહાર આવ્યા. ભયના માર્યા મુનાફિક઼ની આંખો ફાટી ગઈ. ગયરતે જલાલમાં ડૂબેલો એક અવાજ વાતાવરણમાં ગુંજ્યો :–

**"હાકિમે અર્ઝો સમાવાત (જમીન તથા આસમાનોના હાકિમ)નો મુન્કિર ઈસ્લામનો ઉઘાડો બાગી છે અને તેના હક્ક઼્માં ઉમરનો ફૈંસલો એ છે કે તેનું ડોકુ ઉડાડી દેવામાં આવે."** આમ કહેતાં એક જ વારમાં મુનાફિક઼ના





ટુકડા ઉડાડી દીધા. એક પળ માટે લાશ તડપી અને ઠંડી પડી ગઈ. આખા મદીનામાં જાણે ધરતીકંપ થઈ ગયો, આ ખબર વીજળી વેગે આખા શહેરમાં ફેલાઈ ગઈ. ચારેવ તરફથી મુનાફિકો ટોળીઓ બદ્ધ ઉમટી પડયા. ગલી ગલીમાં એ શોર મચી ગયો કે હઝરત ઉમરે એક મુસલમાનને કત્લ કરી દીધો. ઈસ્લામના દુશ્મનોને મોક઼ો મળી ગયો હતો. પોતાની રીતે તેઓએ એ પ્રોપેગન્ડો પણ શરૂ કરી દીધો કે અત્યાર સુધી તો મુહમ્મદ (ﷺ)ના સાથીઓની તલવારો કેવળ મુશ્રિકોના ખૂનને ચાટતી હતી પરંતુ હવે ખૂદ મુસલમાન પણ તેના વારથી સલામત નથી રહ્યા !

વાત રહેતી રહેતી ઠેઠ સરકારની બારગાહમાં પહોંચી. મસ્જિદે નબવીના સહનમાં (જમાઅતખાનાની બહારનો ભાગ) બધા લોકો ભેગા થઈ ગયા. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને બોલાવવામાં આવ્યા. ગયરતે હક્ક઼ (હક્ક઼ની હિમાયત)નો જઝબો હજી સુધી ઉતર્યો ન હતો. આંખોમાં ઈશ્કના જલાલનો ખુમાર લઈને બારગાહમાં હાજર થયા.

સરકારે પૂછયું, કેમ ઉમર ! મદીનામાં આ કેવો શોર છે ? શું તમે કોઈ મુસલમાનને કત્લ કરી દીધો છે ?!

જઝબાતના જોશમાં આંખો ભીની થઈ ગઈ હતી, દિલની હાલત બેચૈન થઈ રહી હતી, બારગાહે રિસાલતમાં પહોંચીને ઈશ્કની દબાએલી ચિંગારી ભડકી ઉઠી હતી. બેખૂદીની હાલતમાં ઉભા થઈને જવાબ આપ્યો :–

"ઉમરની તલવાર કોઈ મુસલમાનના લોહીથી કદી ખરડાશે નહીં ! મેં એવી વ્યક્તિને કત્લ કરી છે **જેણે આપના ફૈંસલાનો ઈન્કાર કરીને પોતાની જાતનો સંબંધ ઈસ્લામી વર્તુળ**

**થી તોડી નાખ્યો હતો.''**

પોતાની સફાઈ પેશ કરીને હઝરત ફારૂકે આ'ઝમ હજી બેઠા જ હતા કે જિબ્રઈલે અમીન નાઝિલ થયા. હઝરત રૂહુલ અમીને ખુદાએ ઝુલજલાલની તરફથી હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના મુકદમાનો ચૂકાદો સંભળાવ્યો તે જ જવાબ જે ફારૂકે આ'ઝમે આપ્યો હતો તે આ આયતે કુર્આનીમાં હમેશાંના માટે ફેરવાઈ ગયો. હદીષોમાં આવ્યું છે કે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہની વિશિષ્ટતાઓમાંથી એક વિશિષ્ટતા એ પણ છે કે અલ્લાહ તઆલા તેમની ઝબાન પર કલામ કરે છે.

فَلَا وَ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْٓ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَ يُسَلِّمُوْا تَسْلِيْمًا ﴿۶۵﴾

''કસમ છે ! આપની પરવરદિગારની કે તેઓ તે સમય સુધી મુસલમાન જ નથી થઈ શક્તા જ્યાં સુધી તેઓ આપને પોતાના હક્કમાં (ફૈંસલો) કરનાર ન માની લે અને પછી જ્યારે આપ તેઓનો ફૈંસલો કરી દો તો તેઓ પોતાના દિલોમાં કોઈ પ્રકારનો ખચકાટ ન અનુભવે અને આપનો ફૈંસલો ખુલ્લા દિલે સ્વીકારી લે.★'' *(પારા–૫, સૂ. નિસાઅ્, આ. ૬૫)*

**ખુલાસો** : આ આયત પોતાના નાઝિલ થવાના પ્રસંગને અનુલક્ષીને નીચે મુજબ બાબતોને ખૂબ જ રીતે સ્પષ્ટ કરે છે :–

★ તફસીરે ખાઝિન તથા મઆલિમુત્તન્ઝીલમાં કલ્બીની સનદથી હઝરત ઈમામ અબૂ સાલેહ તથા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે, (અર્થ) : જિબ્રઈલ علیہ السلامએ એ પણ કહ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہએ હક્ક તથા બાતિલમાં તફાવત કરી આપ્યો છે. તે દિવસથી આપનો લકબ ''ફારૂક'' રાખવામાં આવ્યો. *(પેજ–૪૬૦)*





**(૧)** કલમા અને ઈસ્લામનો દેખાવ કોઈને પણ બગાવતની સજાથી નથી બચાવી શક્તો. **મદની તાજદારની સરકારમાં જરા સરખી પણ ગુસ્તાખી તરત જ ઈસ્લામના તે બધા જ દાવાઓને છીનવી લે છે જે કલ્મો પઢયા બાદ હાંસલ થાય છે.**

**(૨)** જન્મજાત જે લોકો ઈસ્લામથી દૂર છે અને જેઓએ કદી પણ પોતે પોતાને કલ્મએ તૈયબહથી સંબંધિત નથી કર્યા તેમના વજૂદને કોઈ ન કોઈ હાલતમાં ચોક્કસ સહી શકાય છે પરંતુ **પોતાના ઈસ્લામનું એલાન કરી દીધા બાદ જેઓ મુન્કિર બની ગયા અથવા પોતે પોતાને મુસલમાન જાહેર કરીને જેઓએ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની બેઅદબી ભર્યું વર્તન અપનાવ્યું છે, તેને કદાપી માફ નથી કરી શકાતું. ઈસ્લામની ભાષામાં તેઓ મુર્તદ છે.** તેઓનો હાલ બિલકુલ તે મિત્રની જેવો છે જે એકદમ નિકટ આવ્યા બાદ એકાએક દગો આપે. કોઈ પરાયાને તો ગળે લગાડી શકાય છે પરંતુ એવા દોસ્તના મોઢા પર કોઈ થૂંકવાનુ પણ સ્વીકારશે નહીં.

ઈન્સાનની આ સર્વવ્યાપી ફિતરત છે. દરેક વ્યક્તિના જીવનમાં આવા બે ચાર દષ્ટાંતો જરૂરી મળી શકે છે. પરંતુ દુઃખ એ વાતનું છે કે ફિતરતનો આ તકાઝો (પ્રકૃતિનું આ વલણ) ઈન્સાન પોતાના બારામાં તો સ્વીકારી લે છે, પરંતુ ખુદા અને રસૂલના મામલામાં ફિતરતના આ તકાઝાને ભૂલાવી દે છે !

એ ઈસ્લામ તથા બુદ્ધિની ફિતરત તો હતી કે જે ફારૂકે આ'ઝમે દુનિયાના મોટા મોટા કાફિરોને જિંદગીનો હક્ક આપ્યો તે જ ફારૂકે આ'ઝમ આજે ઈસ્લામના કલ્માથી ફરી

જનાર મુર્તદને એક પળ માટે પણ જીવતો જોવા માંગતા ન હતા.

**(૩)** આ આયતથી એ હકીકત પણ સ્પષ્ટ થઈ ગઈ કે કુફ્ર તથા ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવું) કાંઈ તૌહીદ તથા રિસાલત અથવા ઈસ્લામ મઝહબથી ખુલ્લમ ખુલ્લા ઈન્કાર પર જ આધારિત નથી. એ પણ ઈન્કારના જ અર્થમાં છે કે ખુદાને પોતાનો ખુદા, રસૂલને પોતાના રસૂલ, ઈસ્લામને પોતાનો ઈસ્લામ કહેવા છતાં કોઈ પણ રીતે મન્સબે રિસાલતની તૌહીન કરવામાં આવે.

તેઓની પાકીઝા જિંદગીનો (સહાબીઓની) જો ઈન્સાફની આંખે અભ્યાસ કરવામાં આવે તો હજારો પ્રસંગો ગવાહી આપશે કે જ્યાં સુધી તેઓ જીવતા રહ્યા, નબીના કદમોની નીચે પોતાની દિલો બિછાવતા રહ્યા. દીન તથા દુનિયાનાં તમામ કામયાબીઓ અને ઉજ્જવળતાઓને તેઓએ પોતાના હબીબ ﷺના દામન સાથે એ રીતે સાંકળી હતી કે કોઈ ગાંઠ છૂટવાનું તો દૂર રહ્યું પણ ઢીલી પણ પડવા નથી દીધી !

પોતાના પ્યારા નબી ﷺની ખુશનુદીના માર્ગમાં જો પોતાનો લાડલો પુત્ર પણ આડે આવી જાય તો તેમના ઈશ્કની ગૈરતવાળી તલવારે તેને પણ માફ નથી કર્યો. તેઓની દોસ્તીનો આધાર નબીએ પાક ﷺની મુકદસ પેશાની પર ઉભરાતી લકીરો અને ઉજ્જવળ ચહેરાની મુસ્કુરાહટ હતી. ઈમાનના આ તકાઝાને લગતો તેઓનો આ નિશ્ચય અતૂટ રહ્યો કે, **જે નબીનો છે તે તેમનો છે અને જે નબીનો નથી તેની સાથે તેમનો કોઈ સંબંધ નથી, ભલે તેની સાથે લોહીનો સંબંધ પણ કેમ ન હોય !**



મુહમ્મદુર્રસુલુલ્લાહ ﷺ કુર્આનમાં

## ★ અગ્યારમી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : મનકૂલ છે કે એક પ્રસંગે હુઝૂર ﷺની ખિદમતમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને અન્ય મોટા મોટા સહાબા મૌજૂદ હતા. કોઈ બાબતે હુઝૂર તેઓની સાથે મશ્વરો ફર્માવી રહ્યા હતા. વાત આગળ ચાલી અને ચર્ચાનો ક્રમ લંબાઈ ગયો એટલે સુધી કે એક સ્તરે વાતોના પ્રવાહમાં તે બુઝુર્ગોનો અવાજ બલંદ થઈ ગયો. ખુદા તઆલાને પોતાના મહબૂબની હાજરીમાં વાતો કરવાની આ પદ્ધતિ સખત નાપસંદ થઈ. ગુલામોને ખબરદાર કરવા માટે તરત જ આ હિદાયત નાઝિલ થઈ :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَرْفَعُوا أَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوا لَهُ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ أَنْ تَحْبَطَ أَعْمَالُكُمْ وَأَنْتُمْ لَا تَشْعُرُونَ ۝

"હે ઈમાનવાળાઓ ! નબીના અવાજ પર તમારા અવાજોને ઊંચો ન થવા દો. અને તેમની સાથે એ રીતે બૂમો પાડીને વાતો ન કરો જેવી રીતે આપસમાં એકબીજાથી કરો છો, એવું ન બને કે ક્યાંક તમારા સૌ અમલો બેકાર થઈ જાય અને તમોને ખબર પણ પડે." *(પારા, ૨૬, સૂ. હુઝુરાત, આ. ૧, ૨)*

**ખુલાસો** : વિચારવાની વાત છે કે નબીની વાત પર જે સહાબાએ કિરામનો અવાજ મોટો થઈ રહ્યો હતો તેઓની નિયાઝમંદી તથા અકીદતમંદીની કસમ ખાઈ શકાતી હતી. જઝબાતના જોશમાં એ પ્રમાણે થઈ ગયું હતું નહીં તો દિલની

દુનિયા તો રિસાલતની અદબથી ભરપૂર હતી★.

★હઝરત ષાબિત ઈબ્ને કૈસ رضى الله عنه કાંઈક ઓછુ સાંભળતા હતા એટલા માટે ઊંચા અવાજે બોલતા હતા. જ્યારે આ આયત નાઝિલ થઈ તો તેમને આં હઝરત صلى الله عليه وسلمની ખિદમતમાં હાજર થવાની હિમ્મત ન થઈ. હુઝૂર صلى الله عليه وسلمએ તેમની હાજરી ન જોયી તો બોલાવી મંગાવ્યા. તેઓ હાજર થયા અને અર્ઝ કરી કે, હુઝૂર ! મારી ગેરહાજરીનું કારણ એ છે કે જેમ કે સરકારને ખબર છે કે હું ઊંચો અવાજ સાંભળુ છું અને ઊંચા અવાજે બોલુ છું. તેથી ડરું છું કે આપની સમક્ષ ઊંચા અવાજે બોલવાની સજામાં પોતાના નેક અમલો બરબાદ ન કરી બેસું. આ સાંભળીને હુઝૂરે અકરમ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, (અર્થ) : હે ષાબિત ! એવું થશે નહીં. તમે ખૈરિયતથી જીવતા રહેશો, ખૈરિયતથી તમને મૌત આવશે અને **તમે જન્નતીઓમાંથી છો.** અસદુલ ગાબહમાં છે કે ષાબિત ઈબ્ને કયસ, સિદીકે અકબર (رضى الله عنه)ના સમયમાં હઝરત ખાલિદ ઈબ્ને વલીદની સરદારીમાં એક જંગમાં શહીદ થઈ ગયા અને કોઈએ આપના બેજાન શરીર પરથી બખ્તર ઉતારી લીધું. આપ એક મુજાહિદના ખ્વાબમાં આવ્યા અને કહ્યું કે ફલાણો શખ્સ મારા શહીદ થયા બાદ મારા શરીરેથી મારું બખ્તર ઉતારીને લઈ ગયો છે, તેનો તંબુ છેલ્લો છે તેની આગળ આ નિશાનીવાળો ઘોડો બાંધેલો છે. તેના તંબુમાં એક હાંડલી છે તેમાં તે શખ્સે મારું બખ્તર છુપાવી રાખ્યું છે. ખાલિદ ઈબ્ને વલીદને કહો કે તે શખ્સ પાસે જઈ બખ્તર લઈ લે અને ખલીફએ રસૂલ صلى الله عليه وسلم હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર رضى الله عنهથી દરખાસ્ત કરે કે મારા ઉપર આટલા પ્રમાણમાં ફલાણી વ્યક્તિનું કરજ છે તો મારું બખ્તર વેચીને કરજ ઉતારી દે અને મારા ફલાણા ગુલામને પણ આઝાદ કરી દે.

તે શખ્સ ખાલિદ ઈબ્ને વલીદ رضى الله عنهની પાસે જઈને જણાવે છે. આપે જઈને જોયું તો તે જ પ્રમાણે તે બખ્તર હાથ લાગ્યું. તેને હઝરત અબૂબક્ર رضى الله عنهની ખિદમતમાં મોકલવામાં વધુ પેજ નં. ૪૮ પર



મુહમ્મદુર્રસુલુલ્લાહ صلى الله عليه وسلم કુર્આનમાં

શાને રિસાલતમાં બેઅદબીની વાત તો તેઓ સ્વપ્ને પણ વિચરી શક્તા ન હતા, તો પછી જાગૃત અવસ્થાની તો વાત શી ? પરંતુ પોતાના મહબૂબની શાનની ઉચ્ચતાની માટે જરા ખુદા તઆલાની આ વ્યવસ્થા તો જુઓ કે એટલી વાત પણ માન્ય નથી કે અજાણતામાં પણ રસૂલુલ્લાહ صلى الله عليه وسلمના ગુલામોથી કોઈ એવી વાત બની જાય જે જલાલતે શાનની વિરુધ્ધ હોય.

ઈશ્કમાં ફિદાકારીની નિખાલસતા પણ પોતાને સ્થાને છે, નિયાઝમંદ દિલનો હાલ પણ યથાવત છે, પરંતુ મન્સબની શાનો શૌકતનો લેહાઝ તો કરવો જ પડશે. મહબૂબથી સંબોધન કરવા માટે જેવી રીતે શબ્દોની ખૂબસૂરતી અને બયાનની નઝાકતો પર ધ્યાન રાખવું જરૂરી છે તેવી જ રીતે અવાજનો અંદાઝ પણ આઝાદ નથી. વળી ઉપરોક્ત આયતમાં બયાનના અંદાઝની તે ઢબ જેના ભયથી લોહી સૂકાઈ જાય છે. એવું છે કે ઈન્સાન સ્વભાવગત રીતે બેઅયબ તથા ભૂલ વિહોણો નથી. જાત જાતના

પેજ નં. ૪૭ નું ચાલુ આવ્યું અને કરામતભર્યા પ્રસંગની હકીકત તેમને જણાવવામાં આવી. આપે તેમની વસિયત પર પૂરો અમલ કર્યો. ઈસ્લામમાં આ પ્રકારની આ પહેલી અને છેલ્લી વસિયત છે. (અસદુલ ગાબહ, ભાગ–૧, પેજ–૨૨૯) આના પરથી જણાયું કે આં હઝરત صلى الله عليه وسلمને લોકોના બારામાં જિંદગી, મૌત, ખાત્મા અને જન્નતી તથા દોઝખી હોવા સુધીની પૂરી ખબર છે. (صلى الله عليه وسلم)

અને એ પણ જણાયું કે શહીદ ઝિંદા છે અને એ પણ કે તેઓ દુનિયામાં થનારા બનાવોથી બાખબર છે, અને એ પણ કે હઝરત અબૂબક્ર સિદ્દીકની ખિલાફત અલ્લાહની નજીક પણ હક્ક઼ હતી. જો નાહક્ક઼ હોત અને ખુદાની નજીક હઝરત અલી كرم الله تعالى وجهه الكريم જ પહેલા ખલીફા હોત તો આ વસિયત હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના નામે થાત.

ગુનાહોમાં વારંવાર સપડાય છે. પરંતુ ખુદાની રહમતનું તે સર્વ સામાન્ય એહસાન છે કે કોઈપણ ગુનાહમાં પડવાથી તે નેકીઓના પાછલા ભંડોળને બરબાદ નથી કરતો. કુફ્ર તથા શિર્કના સિવાય મોટામાં મોટા ગુનાહ માટે એ જ કાનૂન છે કે ગુનેહગારે કોઈ ગુનોહ કર્યો તો નામએ આમાલમાં એક વધુ ગુનોહ ઉભેરાઈ ગયો. પાછલી નેકીઓ તો પોતાની જગાએ સલામત રહે છે. પરંતુ મહબૂબની શાનમાં ગુસ્તાખી એટલો મોટો જુર્મ છે કે પાછલી નેકીઓનો ભંડોળ પણ નષ્ટ કરી દેવામાં આવે છે.

એ વિચારીને કલેજુ કાંપી ઉઠે છે કે ખુદાના મહબૂબની હુઝૂરીમાં જરા સરખો અવાજ મોટો થઈ ગયો તો તેની સજા ફક્ત એટલી જ નથી કે નામએ આમાલમાં એક ગુનો ઉમેરાય જશે બલ્કે કુર્આન કહે છે કે તેની સાથે સાથે ભૂતકાળની નેકીઓ પણ નાબૂદ કરી દેવામાં આવશે. અને ઈબાદત તથા ઈતાઅતનો આખો ભંડોળ પણ વિખેરી નાખવામાં આવશે. અને **સૌથી મોટો ગઝબ એ કે લૂટાઈ જનારને તેની ખબર પણ થઈ શક્શે નહીં કે જીનવભરની નેકીઓનો ઢગલો ક્યારે લૂટાઈ ગયો અને કેવી રીતે લૂટાઈ ગયો ?!** કયામતના દિવસે સળગી ગયેલી રાખ જ્યારે સામે આવશે ત્યારે અચાનક મેહસૂસ થશે કે આપણે લૂટાઈ ગયા !

જરા ઈલ્મના ઘમંડના અંધકારમાંથી બહાર નીકળીને વિચારો કે જ્યારે નબીની હુઝૂરીમાં જરા સરખો મોટો અવાજ કરવાથી આ સજા મળે છે તો જે લોકોએ તેમની શાનની તૌહીનને જ પોતાનો તરીકો બનાવી લીધો છે તેઓની બરબાદીઓની કલ્પના કોણ કરી શકે છે ?!





ખુદા તઆલા તે હલાકતમાં નાખનારી તકલીફોથી પોતાના મહબૂબની ઉમ્મતને સલામત રાખે. **દીન તથા દુનિયાની તબાહીના માટે શયતાનની પાસે તેનાથી વધુ ભયંકર બીજુ કોઈ હથિયાર નથી કે તે તૌહીદે ઈલાહીના નામ પર રસૂલે અરબી ﷺની તરફથી દિલોને ફેરવી દે છે.** ઝિલ્લત તથા રૂસ્વાઈની આ મંઝિલેથી તે પોતે પણ પસાર થઈ ચૂક્યો છે તેથી તે એ ભેદથી વાકેફ છે કે કોઈની દુનિયા તથા આખેરત કઈ રીતે પળવારમાં તબાહ કરી શકાય છે.

કુર્આને કરીમની જે આયત ઉપર રજૂ કરવામાં આવી છે તે કલામ કોઈ ઈન્સાનનું નથી બલ્કે ઈન્સાનના ખુદાનુ છે, તે આયતોની રોશનીમાં સરળતાથી જાણી શકાય છે કે જે મદની રસૂલ ﷺની ઈઝ્ઝત ખુદાની નજીક એ દરજાની છે તો પછી ખુદાના બંદાઓ નજીક કેવી અદબ તથા ઈઝ્ઝતના તે હક્કદાર હશે ?! જરા આંખો બંધ કરીને વિચારો તો ખરા ! કે ક્યાં ખુદાની ઝાત જે મુહમ્મદ ﷺનો ખાલિક છે, માલિક છે, મઅબૂદ છે, મસ્જૂદ છે. આટલી લાશરીક અઝમતો હોવા છતાં તે પોતાના મોકલેલા રસૂલનો કેટલો લેહાઝ ફર્માવે છે કે પોતાના નાદાન બંદાઓને તેમના દરબારનો અદબ શીખવાડે છે, અને ક્યાં આ નાચીઝ બંદો જેને તાઝીમ માટે ઉભા થવામાં પણ (પોતાની) શાન વિરુધ્ધનું લાગે છે !

## ★ બારમી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : કહે છે કે બરાબર બપોરના સમયે આકુળ વ્યાકુળ આશિકોનું એક પ્રતિનિધિમંડળ મસ્જિદે નબવીના દરવાજા પર પહોંચ્યું. તે ખૂબ જ દૂર દૂરના એક કબીલાથી આવ્યું

હતું. રસૂલલ્લાહ ﷺના દસ્તે હક્ક પરસ્ત પર ઈસ્લામથી મુશર્રફ થવાના શોખનો જઝબો અહીં સુધી તેઓને ખેંચી લાવ્યો હતો.

જે ઊંટો પર તેઓ સવાર થઈને આવ્યા હતા તેને બેસાડવા પણ પામ્યા ન હતા એવામાં ત્યાંથી ઊભા ઊભા જ પૂછયું, નબીએ આખિરુઝ્ઝમાં અત્યારે કયાં મળશે ? લોકોએ જવાબ આપ્યો, તેઓ પોતાના કાશનએ રહમત (હુજરા)માં આરામ ફર્માવી રહ્યા છે. બસ એટલું સાંભળતાં જ વ્યાકુળતાપૂર્વક ત્યાંથી નીચે કૂદી પડયા. અને સરકારના દૌલત સરાએ ઈઝ્ઝત પાસે ઊભા રહીને બૂમો પાડવા લાગ્યા. તેઓના અવાજથી હુઝૂર કાચી ઊંઘમાંથી ઉઠી ગયા. બહાર તશરીફ લાવ્યા અને તેઓને ઈમાનની દૌલતથી ફયૂઝયાબ કર્યા.

હજી આ નૂરની મેહફિલેથી ઉઠયા પણ ન હતા એવામાં હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام ખુદાએ ઝુલ જલાલની તરફથી આયતે કરીમહ્ લઈને નાઝિલ થયા.

આયતનો આદેશ પઢયા બાદ બિલકુલ એવું મેહસૂસ થાય છે કે કાએનાતના સુલતાને પોતાની સલ્તનતના નાયબના દરબારમાં હાજરીના આદાબ શીખવાડવા માટે પોતાની પ્રજાના નામે એક ફર્માન બહાર પાડયું છે :–

اِنَّ الَّذِیْنَ یُنَادُوْنَكَ مِنْ وَّرَآءِ الْحُجُرٰتِ اَكْثَرُهُمْ
لَا یَعْقِلُوْنَ ۝ وَلَوْ اَنَّهُمْ صَبَرُوْا حَتّٰى تَخْرُجَ
اِلَیْهِمْ لَكَانَ خَیْرًا لَّهُمْ ؕ وَ اللّٰهُ غَفُوْرٌ رَّحِیْمٌ ۝

"મહબૂબ ! જે લોકો કમરાઓ (ઘર)ની બહાર ઊભા રહીને આપને બૂમો પાડે રહ્યા છે તેઓમાંથી વધુ પડતા એવા છે જેઓ





(મન્સબે નબુવ્વતના આદાબથી) નાવાકેફ છે (બુદ્ધિહીન છે)★. જો તેઓ ધીરજ રાખીને આપના આવવાની રાહ જોવત તો એ તેઓના માટે કેટલાય પ્રમાણમાં વધુ સારું હોત અને (જો કે આ નાદાનીભર્યું વર્તન શોખના જઝબાની ફિદાકારીના લીધે થયું) અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે (પોતાની રહમતોથી) તે તેઓને માફ કરી દેશે." *(પારા, ૨૬, સૂ. હુઝુરાત, આ. ૪, ૫)*

**ખુલાસો** : મહબ્બતના સંબંધની જરા બારીકાઈ તો જુઓ ! નબીના મન્સબને અનુરૂપ ફર્ઝ એ છે કે તે લોકોને એક ખુદાની ઈબાદત કરનાર બનાવે. સ્પષ્ટ છે કે જે લોકો કલ્મએ તૌહીદની આરઝૂ લઈને પૈગંબરની ચોખટ સુધી આવ્યા તેઓની બેકરારી ખરેખર એક એવા ફર્ઝના માટે છે કે જેનો સંબંધ નબુવ્વતના મન્સબથી પણ છે. તેના માટે આજે તેઓ ખૂદ અવાજ આપી રહ્યા (બૂમો પાડી) છે. અવાજની પાછળ છુપાયેલ મહોબ્બત અને અદબથી કોણ ઈન્કાર કરી શકે છે પરંતુ તેમ છતાં પણ ખુદાની નજીક આ કામ મહબૂબના ખ્વાબે નાઝ (ઊંઘ મુબારક)થી વધુ મહત્વનું નથી હોઈ શકતું. બંનેવ જહાનનું ચૈન જેમની જાનના આરામથી સંબંધિત છે તેમના આરામમાં ખલેલ

---

*★ તેઓને બુદ્ધિહીન એટલા માટે ફર્માવ્યા કે તેઓએ નબુવ્વતના મન્સબને લાયક શાન દર્શાવી નહીં કેમ કે બુદ્ધિ સુવ્યવસ્થિત રીતે અદબની તરફ દોરે છે. જેમ કે બયઝાવીમાં છે, "બુદ્ધિ સારી રીતની અદબ ઈચ્છે છે." કુર્આનની આ આયતથી જણાયું છે કે બેઅદબ અક્કલ વિહોણો હોય છે. જેથી ઉલમાએ દેવબંદે હુઝૂર ﷺની શાનમાં અને શિઆઓએ સહાબાએ કિરામની શાનમાં બેઅદબી કરીને પોતાની બુદ્ધિહીનતા પર મોહર મારી દીધી છે. જેથી દેવબંદીઓ અને શિઆઓને પોતાના પેશ્વા માનનાર પણ ખૂબ જ બુદ્ધિહીન માણસ છે. (ફકીર કાદરી રઝવી)*

પહોંચાડવાનો અર્થ એના સિવાય બીજા કયો છે કે આખી કાએનાતની રાહતને છેડી દેવામાં આવી.

વળી ફિદાકારીના શોખ (જઝબા)નો એ મતલબ પણ કદાપી નથી કે ઈશ્કના આદાબની તે મર્યાદાઓને કોઈ તોડી પાડે જ્યાં શાનની તૌહીનનો અંદેશો થવા લાગે.

રસૂલે ખુદા તમને પોતાની નજીકમાં બેસાડે તો આ મહાન એહસાનનો શુક્ર અદા કરો, કેમ કે પયકરે નૂર સાથે ખાકસારોનો સંબંધ જ શું ? અને એક પળના માટે પણ તેને ન ભૂલો કે તે રૂએ જમીનનો પૈગંબર જ નથી પણ ખુદાએ ઝુલ જલાલનો મહબૂબ પણ છે.

તેમની બારગાહમાં હાજર થનારા અદબનો તરીકો શીખે.

જાહેરી બશરિયતથી ધોકો ન ખાશો. પોતાના સમયનો સૌથી મોટો ઝાહિદ (શયતાન) એ જ બેઅદબીના કારણે આલમે કુદ્સથી કાઢી મૂકવામાં આવ્યો હતો. આદમની ઔલાદને ગફલતથી સાવચેત કરવાના માટે ખુદા તરફની સજાઓનું પહેલું દૃષ્ટાંત પૂરતુ થઈ પડશે કે મહબૂબના દામનથી વાબસ્તા થયા (જોડાયા) વગર ખુદાની સાથે બંદગીનો રિશ્તો પણ ગણકારવાને લાયક નથી રહી શકતો.

## ★ તેરમી આયતે કરીમહ્ ★

**શાને નુઝૂલ** : મદીનાના મુનાફિકોનું વર્ણન આ પહેલાં પાનાંઓ પર વાંચી ચૂક્યા છો કે તેઓ રસૂલે મુજતબા ﷺની પ્રત્યે કેવો કીનો તથા અદાવત રાખતા હતા અને ઉપરથી ઈસ્લામનો ઢોંગ રચીને મુસલમાનોને કેવી રીતે ધોકો આપતા હતા. પાંચ વખતની નમાઝમાં પણ હાજર થતા અને





મુજાહિદોના લશ્કરમાં પણ શરીક થતા હતા. દીનના મામલામાં તેઓની આ ડબલ પોલીસી કેવળ એટલા માટે હતી કે મુસલમાન તેઓને પોતાના સમજે અને કાફિરો તથા મુશ્રિકોની વિરુધ્ધ જે ખાનગી મનસૂબાઓ તૈયાર કરવામાં આવે તે તેઓને માલૂમ થતા રહે. કેમ કે ઉપર ઉપરથી તેઓ ઈસ્લામ અને મુસલમાનથી દોસ્તીનો દમ ભરતા હતા અને ભીતરમાં ઈસ્લામના દુશ્મનો સાથે તેઓને છુપુ ગઠબંધન હતું.

તે જ મુનાફિકો સાથે અબૂ આમિર ફાસિક નામના એક અન્સારીને ખૂબ જ ગાઢ સંબંધ હતો. તે ગઝવએ ખંદક સુધી દરેક લડાઈમાં દુશ્મનોના તરફથી નબીએ અકરમ ﷺની સાથે જંગમાં સાથે સાથે રહ્યો. જ્યારે ગઝવએ ખંદકમાં કાફિરો તથા મુશ્રિકોની હાર થઈ ગઈ તો તે મુલ્કે શામની તરફ નાસી છૂટયો અને ત્યાંથી તેણે મદીનાના મુનાફિકોને કહેણ મોકલ્યું કે જ્યાં સુધી મુસલમાનોની અંદર આપસમાં જુદાઈ કરી દેવામાં નહીં આવે ત્યાં સુધી પૈગંબરે ઈસ્લામની ફૌજી તાકત કમજોર થઈ શકશે નહીં.

એટલા માટે તમે લોકો મદીનામાં એક અલગ મસ્જિદ બનાવો અને પગૈબંરે ઈસ્લામને ખતમ કરવાના માટે તેનો એક સુરક્ષિત અડ્ડાના રૂપે ઉપયોગ કરો. મસ્જિદના કારણે મુસલમાનોના માટે એ શંકાને સ્થાન પણ રહેશે નહીં કે તમે લોકો તેઓની સંગઠિત શક્તિને તોડવાના માટે કોઈ ગુપ્ત કેન્દ્ર બનાવી રહ્યા છો. **મુસલમાનોમાં ફાટફૂટ પડાવવા અને તેઓની જેહાદી કુવ્વતને વિખેરી નાખવા માટે આનાથી વધુ સારું કોઈ બહાનુ નથી કે નમાઝના નામ પર તમે તેઓની તમારી મસ્જિદમાં લાવો અને ક્રમેક્રમે પૈગંબરે**

**ઈસ્લામ પ્રત્યે તેમના દિલોમાં એ પ્રકારની શંકાકુશંકાઓ પેદા કરો કે તેઓની દીવાનગીભરી અકીદતમાં ખોટ આવી જાય અને અને પૈગંબરની આસપાસ જાન દેનારાઓની જે એક મજબૂત દીવાલ ઉભેલી છે તે ઠેક ઠેકાણેથી તૂટી જાય.** તેણે એ ખબર પણ મોકલી કે હું રોમન કૈસર (બાદશાહ)ની પાસે જઈ રહ્યો છું અને પ્રયત્ન કરી રહ્યો છું કે એક કાબૂમાં ન આવી શકે તેવી ફૌજની સાથે મદીના પર ચઢાઈ કરાવી દઉં, તમે લોકો લડાઈના સામાન સાથે તૈયાર રહેજો.

જેથી અબૂ આમિર ફાસિકના મશવરા પ્રમાણે મદીનાના મુનાફિકોએ કુબા નામના મહોલ્લામાં છુપી રીતે એક મસ્જિદનો પાયો નાખી દીધો. જ્યારે મસ્જિદ બનીને તૈયાર થઈ ગઈ તો મુનાફિકોના કેટલાક લીડર હુઝૂર નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા અને ખૂબ જ અદબપૂર્વક અર્ઝ કરી કે, મસ્જિદે નબવી શરીફ અમારા મહોલ્લાથી ઘણી દૂર છે એટલા માટે અમે લોકોએ અમારા મહોલ્લામાં વૃદ્ધો અને લાચારોના માટે નજીકમાં એક મસ્જિદ બનાવી લીધી છે. અમારી તથા તમામ નમાઝીઓની દિલી ખ્વાહિશ છે કે હુઝૂર તે મસ્જિદમાં તશરીફ લઈ આવે અને બે રકાતો પઢીને તેની ઈફતેતાહ (ઉદ્દ્ઘાટન) ફર્માવી આપે કે જેથી આપના કદમોની બરકતથી અમારી નમાઝો ખુદાના દરબારમાં કબૂલિયતને દરજજે પહોંચી જાય.

તેઓની આ અરજ તો કેવળ ઢોંગ હતો, નહીં તો હકીકતમાં તેઓની નિયત એ હતી કે જ્યારે હુઝૂર તે મસ્જિદમાં નમાઝ પઢી લેશે તો તેને કબૂલિયતની સનદ હાંસલ થઈ જશે અને





આમ મુસલમાનોને પણ તે મસ્જિદમાં આવવામાં કોઈ વાંધો રહેશે નહીં.

હુઝૂરે જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો કે, અત્યારે તો હું તબૂકની સફરે જઈ રહ્યો છું જે રોમની સરહદ પર આવેલું છે, ત્યાં ઈસાઈઓની સાથે એક ખૂબ મોટી લડાઈ ઊભી થઈ છે. જ્યારે હું ત્યાંથી પાછો આવીશ તો ઈન્શાઅલ્લાહ ! તમારી મસ્જિદે આવીશ. જ્યારે હુઝૂરે અકરમ ﷺ બે મહીના બાદ ગઝવએ તબૂકના જંગથી પાછા આવ્યા અને મદીના મુનવ્વરાની નજીક પહોંચ્યા તો હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام આયતે કરીમહ્ લઈને નાઝિલ થયા :–

وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا ضِرَارًا وَّكُفْرًا وَّتَفْرِيْقًاۢ بَيْنَ الْمُؤْمِنِيْنَ وَاِرْصَادًا لِّمَنْ حَارَبَ اللّٰهَ وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ؕ وَلَيَحْلِفُنَّ اِنْ اَرَدْنَاۤ اِلَّا الْحُسْنٰى ؕ وَاللّٰهُ يَشْهَدُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ۝ لَا تَقُمْ فِيْهِ اَبَدًا ؕ

"અને તે લોકો જેઓએ એક મસ્જિદ બનાવી છે કે જેથી મુસલમાનોને નુકસાન પહોંચાડે અને ત્યાંથી કુફ્ર ફેલાવે અને મુસલમાનોમાં ફૂટ (ફાટફૂટ) પાડે. અને તે શખ્સના માટે તેને રહેવાની જગા બનાવે જે પહેલેથી ખુદા તથા રસૂલથી લડી રહેલ છે. તેઓ કસમ ખાઈને યકીન દેવડાવશે કે મસ્જિદની તામીરથી તેઓનો મકસદ ભલાઈના સિવાય બીજો કોઈ નથી અને અલ્લાહ ગવાહી આપે છે કે તેઓ જૂઠા છે, આપ કદાપી તેમની મસ્જિદમાં જશો નહીં." *(પારા–૧૧, સૂ. તૌબા, આ. ૧૦૭, ૧૦૮)*

આ આયતે કરીમહ્ના નુઝૂલ પછી હુઝૂર ﷺ જ્યારે મદીના મુનવ્વરામાં રોનક અફરોઝ થયા તો પોતાના બે સહાબી હઝરત માલિક ઈબ્ને દખ્સમ અને હઝરત મઅન ઈબ્ને અદી

અજલાની (رضی اللہ عنہم)ને હુકમ આપ્યો કે તેઓ તે મસ્જિદે ઝર્રાર (નુકસાન પહોંચાડનારી મસ્જિદ) છે તેને જઈને તોડી નાખે અને સળગાવી દે. *(દુર્રે મન્સૂર)*

**ખુલાસો** : પોતાના દિલનો દરવાજો ખોલીને તહારતની સાથે આ આયતે કરીમહ્‌નો અભ્યાસ કરશો તો વહીએ ઈલાહીની રોશનીમાં ઈશ્ક તથા ઈમાનની ઘણી બધી સચ્ચાઈઓ આપની સમક્ષ રોશન થશે.

**(૧)** સૌ પ્રથમ તો આપના પર જાહેર થશે કે નબીના પ્રત્યે મુસલમાનોને બદ્‌અક઼ીદા બનાવવા માટે મુનાફિક઼ો ઉઘાડી મુનાફિક઼તનો માર્ગ અપનાવતા નથી બલ્કે નમાઝ તથા ઈસ્લાહના નામ પર તેઓ મસ્જિદોને પોતાના ગુપ્ત મિશનનું કેન્દ્ર બનાવે છે, અને ત્યાંથી દીનના નામ પર બેદીન બનાવવાની ચળવળ ચલાવે છે.

**(૨)** બીજી વાત એ પણ જણાશે કે તેઓ ખુલ્લેઆમ તેની જાહેરાત નથી કરતા કે નબીએ રહમત ﷺના પ્રત્યે મુસલમાનોને બદ્‌અક઼ીદા બનાવવાએ તેઓના તબ્લીગી મિશનનો મક઼સદ છે, બલ્કે ક઼સમો ખાઈ ખાઈને તેઓ યક઼ીન દેવડાવે છે કે અમારો મક઼સદ કેવળ મુસલમાનોની ઈસ્લાહ (સુધારણા)નો છે.

**(૩)** ત્રીજી વાત એ જણાશે કે નબીની અઝમતને ઘાયલ કરનારા માટે કોઈ મશહૂર બાગી જરૂર તેઓની પીઠ પછવાડે છે અને મુસલમાનોમાં તેની ઈમાનતોડ તા'લીમાત ફેલાવવાના માટે તેઓ મસ્જિદોને રહેવા માટેની જગાઓ અને છાવણીઓના રૂપે ઈસ્તે'માલ કરે છે.





**(૪)** ચોથી વાત એ જણાશે કે મસ્જિદોમાં તબ્લીગી મરકઝ સ્થાપીને તેઓનો પાયાનો હેતુ મુસલમાનોમાં અક઼ીદાની ઘાલમેલ કરીને તેઓ દરમ્યાન આપસમાં ફાટફૂટ પડાવવાનો છે.

**(૫)** પાંચમી વાત એ જણાશે કે **અલ્લાહની નજીક ન તેઓની મસ્જિદ, મસ્જિદ છે ન તેઓની નમાઝ, નમાઝ !** જો એવું હોત તો અલ્લાહ તઆલા કદી પણ પોતાના પૈગંબરને ત્યાં જવાથી ન રોકત, અને ન પૈગંબર તેને તોડી પાડવા અને સળગાવી દેવાનો હુકમ આપત.

**(૬)** છઠ્ઠી વાત એ જણાશે કે **મસ્જિદ અને નમાઝના નામ પર મુસલમાનોએ કદાપી છેતરાવુ ન જોઈએ.** કેમ કે જ્યારે **તેઓની મસ્જિદમાં જવાથી ખુદાએ પોતાના પૈગંબરોને રોકી દીધા તો ઈમાનવાળાઓએ તેઓની આ રસૂલની દુશ્મની માટેની ચળવળમાં જોડાવું કઈ રીતે દુરૂસ્ત થશે** કે તેઓએ એ જ હેતુ માટે તો મસ્જિદ બનાવી.

**(૭)** સાતમી વાત એ જણાશે કે જ્યાં પણ નબીની બગાવતના માટે કોઈ મરકઝ સ્થપાય જાય તો સ્થાપનારાઓના નામ ઈસ્લામી જ કેમ ન હોય પણ **વફાદાર ઉમ્મત માટે અનિવાર્ય છે કે તેઓ પૂરી શક્તિની સાથે તેઓનો વિરોધ કરે** અને તેઓના નાપાક હેતુને ઉઘાડો પાડીને મુસલમાનોને તેઓની બુરાઈઓથી બચાવે.


આ સર્વ વિગતો રજૂ કર્યા બાદ મારે મુસલમાનોને ફક્ત એટલું જ કહેવાનું છે કે આ આયતે કરીમહ્‌ની રોશનીમાં તેઓ

ખૂબ જ સાવધાનપણે તે તબ્લીગી મરકઝોનું નિરીક્ષણ કરે જે કલમા તથા નમાઝના નામ પર આજે મસ્જિદોમાં ચલાવવામાં આવી રહેલ છે, તેઓને કેવળ ઉપર ઉપરથી જ નહીં અંદરથી પણ જુએ અને એ અર્થમાં જુએ કે કયા મશ્હૂર ગુસ્તાખોના ચહેરા તેઓની પાછળ છે. પેશાનીઓ પર કેવળ સિજદાઓના ડાઘ જ ન જુએ બલ્કે એ પણ જુએ કે નબી ﷺની પ્રત્યે તેઓના દિલોનો શું હાલ છે ?

એ પણ માલૂમ કરે કે **જનારા લોકો ચિલ્લાઓમાં જતી વખતે તા'ઝીમે રસૂલ અને અકીદતે અવલિયાનો જે જઝબો પોતાની સાથે લઈને ગયા હતા તે રસ્તામાં ક્યાં લૂટાઈ ગયો ?!** તે આબાદીઓને પણ જુએ કે જ્યાં તેઓના પહોંચવાથી પહેલાં દીની ઈત્તેહાદ (એકતા) હતી પણ તેઓના પહોંચ્યા પછી ત્યાં મુસલમાનોમાં ફાટફૂટ કેમ પડી ગઈ ?!

ત્યારબાદ ફેંસલો કરે કે, આ હાલતોમાં કુર્આનની તે આયતે કરીમહ્ મને તથા તમોને શું કહે છે ? જ્યારે ખાસ રિસાલતના સમયમાં કુફ્ર તથા નિફાકની આટલી મોટી જાળ બિછાવી શકાય છે તો આજના છેતરપીંડીના દૌરમાં તો પૂછવું જ શું ?! ખુદા આપણી હિફાઝત ફર્માવે.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ والتسلیم۔





મુહમ્મદુર્રસુલુલ્લાહ ﷺ કુર્આનમાં

# લાખોં સલામ

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમએ બઝમે હિદાયત પે લાખોં સલામ
શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ
ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ
જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ
દૂરો નઝદીકકે સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ
શબે અસરા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝમે જન્નત પે લાખોં સલામ
મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ
હમ ગરીબોંકે આકા પે બેહદ દુરૂદ
હમ ફકીરોંકી સરવત પે લાખોં સલામ
જિસકે માથે શફાઅતકા સહરા રહા
ઉસ જબીને સઆદત પે લાખોં સલામ
જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ
જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ
જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ
કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ
મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં **'રઝા'**
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ